# પ્રકરણ-૪

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ

# પ્રકરણ-૪

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ

## પ્રસ્તાવના

ભાવના એ માનસિક અનુભવ છે. જેને ગુણવત્તાના આધારે ઉચ્ચતમ સ્તરની જટિલતા તેમજ માનસિક કાર્યોને આધારે ઓળખી શકીએ છીએ. માનસિક અનુભવ દ્વારા લાગણીની તીવ્રતા ઓળખી શકાય છે. લાગણીઓ સતત ઉદ્દભવ્યા જ કરે છે. એક ક્ષણે માનવી ગુસ્સે હોય તો બીજી ક્ષણે દયામાં. એક ક્ષણે ઉદાસ હોય તો બીજી ક્ષણે ઉલ્લાસ. આ ભાવનાઓના મૂળ માનવીના ચિત્તમાં ખૂબ ઊંડા જોવા મળે છે. જેમાંથી ગુસ્સો, પ્રેમ, આનંદ, તિરસ્કાર જેવી લાગણીઓ જોવા મળે છે. ભાવનાઓ વિવિધ અનુભવો તરફ લઈ જાય છે જે માનવીના માનસિક અને સાથે શરીરમાં વર્તનલક્ષી ફેરફારો સૂચવે છે. સ્વયંને દોષ આપવો તે સ્વ સાથેની લાગણીઓ તરફ દોરી શકે છે. જેના લીધે માનવીનો પોતાની જાત સાથેનો આંતરિક સંઘર્ષ જન્મે છે.

માનવીમાં ભાવનાત્મક સંઘર્ષ જન્મે ત્યારે તે અન્ય વ્યક્તિ વિશે અણગમાભરી લાગણીઓ વ્યક્ત કરે છે. ભય, ચિંતા, દુઃખ, વિવશતા વગેરે જેવી પરિસ્થિતિઓમાં વ્યક્તિ હતાશા અનુભવે છે. આ ભાવ વ્યક્તિમાં પેદા થવાથી તીવ્ર સંઘર્ષ અનુભવે છે, જે ભાવનાત્મક સંઘર્ષ છે.

ભાવના એ વિશિષ્ટ પ્રકારની લાગણી કે સંવેદના છે, જે મગજમાં ઉદ્દભવે છે. આ ઉદ્દભવનું કારણ કોઈ એક ઘટના કે સ્થિતિ કે વાતાવરણ છે. ઘટના કે ઉત્તેજનાના

આધારે સજીવના વાતાવરણમાં કંઈક બનતું રહે છે, જે પરિવર્તિત થતું રહે છે, તે માનસિક પ્રક્રિયા એ જ ભાવના છે. ભાવનાઓ એ ઘટના પ્રત્યેની પ્રતિક્રિયા છે. આપણી સામે કોઈ ઘટના કે પરિસ્થિતિ સર્જાય છે. તે ઘટનાના પ્રભાવથી ઉત્તેજિત થાય છે ને ત્યારબાદ અનુભૂતિ થાય છે. જે નકારાત્મક કે હકારાત્મક ભાવનામાં રૂપાંતરિત થાય છે, જે આપણા વર્તનની દિશા નક્કી કરે છે. આ બધી ભાવનાઓમાં સમાન એવી આંતરિક માનસિક સ્થિતિ છે, જેની ઉત્તેજનાથી ભાવના બને છે. જે હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે. પરંતુ આ પરિમાણ વર્તનમાં ન આવે તો તે ભાવના ગણી શકાતી નથી. લાગણી પ્રેરણાદાયી છે, તેમાં તીવ્ર ઇચ્છાઓ શામેલ છે. તે મનની એવી સ્થિતિ છે જે ફરી ફરીને ઉત્તેજિત થઈને અનુભવી શકાય છે.

માનવીમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષ સકારાત્મક અને નકારાત્મક પણ જોવા મળી શકે. જેને તંદુરસ્ત ભાવનાઓ તરીકે પણ ઓળખાવી શકાય છે, કારણ કે તે જેની અનુભૂતિ કરે છે તેની સકારાત્મક અસર થાય છે. જ્યારે નકારાત્મક ભાવનાઓ વ્યક્તિની મનોશારીરિક સ્થિતિ સાથે જોડાયેલી છે. જેને મોટાભાગની વ્યક્તિઓ પસંદ કરતા નથી.

નકારાત્મક ભાવનાઓમાં નિરાશા, પીડા, અફસોસ, ઈર્ષ્યા, ધૃણા, ક્રોધ અને ભય ભાવનાઓનો સમવેશ છે. સાહિત્યકાર આવી ભાવનાઓનો સહારો લઈને કૃતિઓની રચના કરે છે. તેઓ વિવિધ પાત્રોને આધારે ભાવનાઓનો ઉલ્લેખ કરે છે.

આ સમગ્ર વાર્તાઓમાં ૯ માંથી ૭ નકારાત્મક ભાવનાનો ઉલ્લેખ થયો છે. જેમાં નિરાશાની ૧૮ વાર્તાઓ, પીડાની ૧૭ વાર્તાઓ, અફસોસની ૭ વાર્તાઓ, ભયની ૫ વાર્તાઓ, ઈર્ષ્યાની ૪ વાર્તાઓ, ધૃણાની ૩ વાર્તાઓ અને ક્રોધની ૨ વાર્તાઓનો ઉલ્લેખ છે. આ વાર્તાઓને સંવેદનાની તીવ્રતાને આધારે ગોઠવણી કરી છે.

## જૂથ-૧: નિરાશા

નિરાશા એક લાગણીશીલ અવ્યવસ્થા છે. આ ભાવના નકારાત્મક પરિસ્થિતિ, કુટુંબના પ્રશ્નો, તાણ વગેરે દ્વારા નિરાશા પેદા થઈ શકે છે. પોતાની ધારણાઓ કે ઇચ્છાઓ મુજબ ન થવાથી તેમજ જીવનમાં કંઈક ગુમાવી દેવાથી જે લાગણી ઉત્પન્ન થાય તે નિરાશાની ભાવના છે. આ લાગણીનો સમયગાળો લાંબો પણ હોઈ શકે છે. નિરાશાનું મુખ્ય પરિબળ મૂલ્યવાન વ્યક્તિ અથવા કોઈ વસ્તુની ખોટ છે, જે દરેક વ્યક્તિએ બદલાઈ શકે છે.

વાર્તાસૃષ્ટિમાં જોઈએ તો સ્ત્રીપાત્રો પોતાની ઇચ્છા અનુસાર જીવવા માગે છે, પોતાનાં સ્વપ્નો પૂર્ણ કરવા માગે છે અને તે પૂર્ણ ન થવાથી નિરાશાનો અનુભવ કરે છે. આ સ્ત્રીપાત્રો પોતે ધારેલા સંકલ્પો, નિર્ણય અન્ય પાત્રના કારણે પૂર્ણ ન થતાં નિરાશામાં સરી પડે છે. અપ્રિય વ્યક્તિ સાથેના લગ્ન, અન્ય સ્ત્રીની હેરાનગતિના, પતિનો શંકાશીલ સ્વભાવ વગેરેના કારણે સ્ત્રીપાત્રો નિરાશ થાય છે. આ જૂથમાં નિરાશાની ૧૮ વાર્તાઓને સંવેદનની તીવ્રતાને ધ્યાનમાં રાખીને ગોઠવણી કરી છે. પાત્રો સંઘર્ષમય પરિસ્થિતિના કારણે કેવી રીતે નિરાશા અનુભવે છે તે જોઈએ.

‘દીકરીનું ધન’ (‘એક લહર’, ૧૯૫૭)

શકુંતલા નોકરી કરીને ઘર ચલાવે છે. તેનાં માતા-પિતા વિચારે છે કે શંકુતલાના લગ્ન કરી દેવાથી ઘરનો ખર્ચ ચલાવવો મુશ્કેલ થઈ જશે. કુટુંબની આર્થિક સંકળામણને લીધે કામમાં ધકેલાયેલી શકુંતલાનું જીવન નીરસ બનતું જાય છે. નાના ભાઈને ડૉક્ટરી ભણાવવાનો ખર્ચ તેની કમાણીમાંથી નીકળે છે. લગ્ન કરી ઠરીઠામ થવાની તેની ખૂબ ઇચ્છા છે. શંકુતલાની લગ્ન કરવાની ઇચ્છા પૂરી ન થતાં નિરાશા અનુભવે છે. જુઓ;

'અરે, છાનીમાની પેલી યુવાની ક્યારે આવીને ચાલી ગઈ? હવે શું કાયમ આ જ ફાઈલો ને તુમારકામના ઢસરડામાં દટાઈ રહેવાનું? તેને ઘડીભર થયું... ના, ના, પણ કુલીન ઘરની કન્યા કેમ કરીને માબાપને કહેવા જાય કે મારે પરણવું છે, વર શોધી આપો!' (પૃ. ૯૩)

આ રીતે શંકુતલાની લગ્નની ઇચ્છા પૂર્ણ ન થતાં નિરાશા અનુભવે છે.

'નો કૉમેન્ટસ' ('જાવલ', ૨૦૦૧)

શ્વેતાને અનામી પુરુષ વશ કરે છે. તેના હાથમાંથી સોનાની બંગળી કાઢી લે છે. આ ઘટના પર કુણાલ (પતિ) વિશ્વાસ કરતો નથી. કુણાલ વિશ્વાસ ન કરતાં શ્વેતા નિરાશા અનુભવે છે.

"શ્વેતા પોતાના કાનને સાચા ન માનતાં કુણાલ સામે જોઈ રહી. ખરેખર શું એ જ આ શબ્દો બોલ્યો હતો? આ જ માણસનો હાથ પકડીને એણે પોતાનું ઘર છોડ્યું હતું?" (પૃ. ૨૭)

કુણાલના અધિકારી સાથે પણ આ બનાવ બને છે. તે અનામી પુરુષ અધિકારીને વશ કરીને ઘડિયાળ કાઢી લે છે. કુણાલ આ ઘટનાથી પસ્તાવો અનુભવે છે. તે શ્વેતાની માફી માગે છે. આ ઘટનાથી શ્વેતાની નિરાશામાં વધારો થાય છે.

"બીજું તો કંઈ નહીં કુણાલ....મને એ વિચાર આવે છે, બીજા માણસના અનુભવથી જ તમને ખાતરી થઈને કે હું સાચું કહેતી હતી?" (પૃ.૩૧)

'ગોદડી' ('જાવલ', ૨૦૦૧)

લાજુ વિનયને (પતિ) ન ગમવા છતાં પિયર આવે છે. લાજુ ખૂબ જ ખુશ છે. લાજુ પિયર જતાં પહેલાં મનમાં માની સેવા કરવાના સંકલ્પો કરે છે. લાજુ પિયર આવતાં જ માને બીમાર હાલતમાં જુએ છે. આ જોઈને તેનું હૃદય કંપી ઊઠે છે. લાજુની મા પાસે ખુશીથી દિવસો પસાર કરવાની અપેક્ષાઓ પૂર્ણ થતી નથી. લાજુ નિરાશ થાય છે. જુઓ;

"આ મા...શા માટે એ આટલી નમાલી છે? શા માટે આટલો બધો અન્યાય સહન કરે છે? શા માટે એ કદીયે પાંચ મિનિટ પણ ફક્ત પોતાને માટે જીવતી નથી? ઓહ, એણે શા માટે પોતાને જન્મ આપ્યો? હટ, પોતે પણ સાવ નકામી જ હતી તો! મા માટે કંઈ કરી શકતી નહોતી." (પૃ. ૧૦૪)

નશામાં ધૂત રહેતા પતિને માટે કમળા ગોદડી બનાવીને પૈસા કમાય છે. પતિ ઘરે આવીને બધા રૂપિયા લઈ જઈને ઉડાવી દેતો. માનું આવું ઉદાસી જીવન જોઈને લાજુ ક્રોધે ભરાય છે.

"આખો વખત માત્ર ગોદડી બનાવ્યા કરવી અને એક માણસે કોઈ એક ક્ષણે એની સાથે લગ્ન કર્યાં હતાં એટલા માટે એ જ્યારે દારૂના નશામાં ચકચૂર થઈને આવે કે દારૂના વિરહમાં ઘેલો થઈને આવે ત્યારે એને ઘરમાંથી જે કંઈ ઉઠાવી જવું હોય તે લઈ જવા દેવું એ જરાયે વાજબી નથી." (પૃ. ૧૦૫)

આ રીતે લાજુ ઘણી અપેક્ષાઓ સાથે મા પાસે રહેવા આવે છે. પરંતુ અપેક્ષાઓ વિરુદ્ધની પરિસ્થિતિ ઊભી થતાં લાજુ માનસિક મથામણ અનુભવે છે.

'એક છોકરીનું સ્મિત' ('ટાઢ', ૧૯૮૭)

કૌશાંબી સત્તર વરસની છે. તેની નાની બહેન વૈશાલી સોળ વરસની છે. કૌશાંબી હંમેશાં બધાં સાથે ખુશીથી રહેતી. મોં ચડાવવું એ તેના સ્વભાવમાં નહોતું. કૌશાંબી ડૉક્ટર, માળી, પૉસ્ટમેન, વિરલ, મધુ બધાંને ગમતી. કૌશાંબીનો આ સ્વભાવ તેની મા અને વૈશાલીને પસંદ ન હતો. હંમેશાં તેને ટોકતાં અને અણગમાથી જોતાં. મા અને બહેનનું પોતાના પ્રત્યેનું આવું વર્તન જોઈ કૌશાંબી નિરાશા અનુભવે છે. જુઓ;

"બધાં છો ને કહેતા, તે પોતે હવે જાણતી હતી કે માને તે સારી નહોતી લાગતી. બાપુને નહીં, વિશુને નહીં, ઘરમાં કોઈને નહીં. બહારના લોકો કહે તેથી શું? મા જેટલું જાણે તેટલું કંઈ બીજું કોઈ જાણવાનું હતું?" (પૃ. ૧૨૭)

કૌશાંબીને મા, બહેન અને પિતાના રુક્ષ વર્તનના કારણે નિરાશા અનુભવે છે.

'મગમાળા' ('જાવલ', ૨૦૦૧)

શાલિનીને તેના કાકીની મગમાળા ખૂબ ગમતી. લગ્ન બાદ શાલિની કરકસર કરીને રૂપિયા ભેગા કરે છે. તેના પતિને મગમાળા લેવા રૂપિયા આપે છે. શાલિની અરીસામાં પોતાને જુએ છે. આટલી ઉંમરે મગમાળા સારી ન લાગે એમ વિચારી રૂપિયા બૅન્કમાં ભરી દેવા કહે છે. પતિને શાલિનીની ઇચ્છા પૂરી કરવી હતી. આર્થિક પરિસ્થિતિના કારણે તે મગમાળા નહિ પણ સોનાની સાંકળી લાવે છે. શાલિનીની આંખમાંથી આંસુ સરી પડે છે.

"શાલિની મનમાં ને મનમાં વિચારવા લાગી, કેટલી મહેનતે આ રૂપિયા ભેગા કર્યા છે તે કોઈ શું જાણે? કેટલાંયે એકટાણાં, શાકની ને દૂધની કરકસર, કેટલીય બળેવો, જન્મદિવસોને લગ્નપ્રસંગોની ખુશાલીનો સરવાળો એટલે આ રૂપિયા." (પૃ.૧૯૩)

આર્થિક પરિસ્થિતિના કારણે શાલિનીની મગમાળા લેવાની ઇચ્છા પૂર્ણ ન થતાં નિરાશા અનુભવે છે.

‘તરુ’ (‘અધૂરો કોલ’, ૧૯૫૫)

તરુ ભણતરને જ પોતાની જિંદગી માને છે. તરુની મા તેને આગળ અભ્યાસ કરવાની પરવાનગી આપતી નથી. તરુની ભણવાની ઇચ્છા પૂર્ણ ન થવાથી નિરાશા અનુભવે છે. મા તેના લગ્ન મેટ્રિકમાં નાપાસ થયેલા યુવાન સાથે નક્કી કરે છે. તરુ મેટ્રિકથી આગળ અભ્યાસ ન કરે એવું તેની મા ઇચ્છે છે. આ જાણી તરુની નિરાશા ઘેરી બને છે. તરુ પરીક્ષામાં નાપાસ થવાનો નિર્ણય કરે છે.

“ભણતર જ ખરું પૂછો તો મારી જિંદગી છે...ભણવાનું પૂરું થઈ જશે તો હું શું કરીશ એ જ સમજાતું નથી.”(પૃ.૧૪૨)

માના જૂનવાણી વિચારના કારણે તરુ સંઘર્ષની અનુભૂતિ થાય છે, જેના કારણે તરુ નિરાશા અનુભવે છે.

‘નર્તનમૂર્તિ’ (‘એક લહર’, ૧૯૫૭)

વેણુની મા કંચનબહેન દેરાણીની પુત્રીને વેણુથી પાછી પાડી દેવાનાં સ્વપ્નો જોયા કરે છે. કંચનબહેન દેરાણીની દક્ષાને નૃત્ય કરતી જોઈને તેની ટીકા કરે છે. કંચનબહેનને દક્ષા પ્રત્યે ઇર્ષ્યાભાવ જાગે છે.

“જોકે વેણુની જગ્યાએ દક્ષાને નાચતી જોતાં ત્યારે હજીયે તેમનું હ્રદય અદેખાઈથી બળી જતું, પણ શું થાય?” (પૃ. ૧૭૯)

નૃત્ય કરતી વેણુ માટે પિતા વર શોધે છે. સમાજ નૃત્ય કરતી છોકરીને વહુ બનાવવા માગતા ન હતા. વેણુ નિરાશા અનુભવે છે.

"નવા જમાનામાં નૃત્યને સન્માનની દૃષ્ટિથી જોતાં કુળકુટુંબ તેમને પોતાને જ પસંદ આવતાં નહીં....તેના મુખ પર એક જાતની જડતાની, નિરુત્સાહની છાયા પ્રસરીને પેલા સુકુમાર રૂપને ઢાંકી દેતી હતી." (પૃ. ૧૭૯)

લગ્ન બાદ પતિ વેણુના નૃત્યની છબી જોઈને પ્રશંસા કરે છે. આ સાંભળીને વેણુને આશા જાગે છે. વેણુ પતિ પાસે નૃત્ય કરવાની પરવાનગી માગે છે. પતિ નૃત્ય ફક્ત પોતાને સામે જ કરવાને પરવાનગી આપે છે. રંગમંચ પર નૃત્ય કરવાની પરવાનગી આપતા નથી. "ઘેલી રે ઘેલી! તું શું એમ ધારતી હતી કે હવે તને હું લોકોની સામે નાચવા દઈશ?... પળ માત્રને માટે જાગી ઊઠેલી એ સ્વપ્નસૃષ્ટિને વિલીન થતી જોઈ રહેલી વેણુ તન્મય થઈ." (પૃ. ૧૮૦-૧૮૧)

લગ્ન બાદ નૃત્ય કરવાની ઇચ્છા પૂર્ણ થતી નથી. તેનો અપેક્ષાભંગ થતાં વેણુ નિરાશા અનુભવે છે.

'વિશ્રંભકથા' ('વિશ્રંભકથા' ૧૯૬૬)

મંગળાના લગ્ન જનકરાય સાથે થાય છે. તે સાસુ-સસરા, પતિ, અને વહુ-દીકરાના કહ્યા મુજબ જ જીવન જીવ્યા કરે છે. તે કોઈની વાતનો વિરોધ પણ કરતી નથી. તેના મુખ પર કોઈ ભાવ જણાતો ન હતો. મંગળાની સખી દ્વારા જાણવા મળે છે કે તે વિનાયકને પ્રેમ કરતી હતી. તેની સાથે લગ્ન ન થઈ શકવાના કારણે મંગળા નિરાશ થાય છે.

"પણ શાંતિ, પછી મારો વિવાહ જ બીજી જગ્યાએ થયો હતો ને!" (પૃ. ૫)

મંગળાના લગ્ન જનકરાય સાથે થાય છે. તે સાસુ-સસરા, પતિ અને વહુ-દીકરાના કહ્યા મુજબ જ કામ કરવું પડે છે. આવા લગ્નજીવનથી મંગળાની નિરાશામાં વધારો થાય છે.

"જે કોઈ વઢવા બેસે તેનું સાંભળી લેતી. હંમેશાં તે બધાથી દબાતી આવી છે....તેને બહુ ઓછું બોલવાની આદત હતી. બોલે ત્યારે પણ નેણ નીચાં નમેલાં હોય, મુખ પર કોઈ ભાવ ન હોય." (પૃ.૩)

મંગળાના વર્તન પરથી જોઈ શકાય છે કે તે વિનાયક સાથે પરણી ન શકવાથી નિરાશ રહે છે.

'એક વખત' ('જાવલ', ૨૦૦૧)

પરાશર અને સુષમા ઘરડા થઈ ગયા છે. સુષમા પોતાના પ્રેમી ઇન્દુ વેદને ભૂલી શકી નથી. સંજોગોવશાત તેની સાથે લગ્ન થઈ શકતાં નથી. સુષમા પોતાના પસંદગીના પાત્ર સાથે પરણી ન શકવાથી નિરાશા અનુભવે છે.

"મેં એને હા પાડ્યા પછી એકાદ મહિનો થયો હશે...અને એના બાપુજીની બદલી આસામ થઈ ગઈ. એણે એકવાર મને કાગળ પણ લખેલો પણ એમાં એનું સરનામું નહોતું...સુષમાની આંખોમાં ઝળઝળિયાં હતાં." (પૃ. ૪૮)

આ રીતે વૃદ્ધાવસ્થામાં પહોંચી ગઈ હોવા છતાં સુષમા પ્રેમીને ભૂલી ન શકવાના કારણે નિરાશા અનુભવતી જોવા મળે છે.

'સત્તરમી વસંત' ('જાવલ', ૨૦૦૧)

આશાને અમોલા પ્રત્યે ખૂબ જ વહાલ છે. અમોલા બિરજુને પ્રેમ કરે છે. આશા અમોલાના સારા ભવિષ્ય માટે વિચારીને તેના પ્રેમી બિરજુ વિશે સવાલો કરે છે. અમોલાને માસીનું વલણ ગમતું નથી. અમોલા અને માસી આશા વચ્ચે સ્નેહ તૂટશે એ વિચારી આશા નિરાશા અનુભવે છે.

"એ શબ્દો બોલતાં મને બહુ દુ:ખ થયું. હું જાણતી હતી કે મારી અને અમોલાની વચ્ચે રચાયેલો સમજણનો અને સ્નેહનો સેતુ આ શબ્દોથી તૂટી પડવાનો..." (પૃ.૧૦૧)

આશા અમોલાના ભવિષ્યને લઈને ચિંતિત છે. તેના પ્રેમી વિશે સવાલો કરવાથી સંબંધો તૂટી જવાથી નિરાશા અનુભવે છે.

'લક્ષ્મણરેખા' ('જાવલ', ૨૦૦૧)

શંકુતલા મરાઠી છે. તેને ગુજરાતી ડૉક્ટર સાથે પ્રેમ થાય છે. તેમની સાથે પરણી જાય છે. લગ્ન બાદ શંકુતલા ગુજરાતી ભાષા તેમજ રસોઈ, રીતરિવાજો શીખવાનો પ્રયત્ન કરે છે. તેનાથી ભૂલ થતાં પતિ તેમજ તેના સંતાનો તેની મશ્કરી કરી છે. શંકુતલા નિરાશા અનુભવે છે.

"એ પિયરમાં કોઈ ભૂલી શકતું નથી કે શકું હવે ગુજરાતી ગોળાનું પાણી પી આવી છે. ત્યાં પણ બધાં પ્રેમ રાખે છે, છતાં ત્યાં યે હું પારકી છું, અહીંની જેમ જ...એટલે હવે શંકુતલાને મારે શોધવી છે, જે મિસિસ મહેતા નથી, માત્ર સ્કૉલર નથી, માત્ર પત્ની નથી." (પૃ. ૧૫૧)

આ રીતે શંકુતલાને પતિ ઉપરાંત સંતાનો પણ સાથ ન આપતાં નિરાશા અનુભવે છે.

'માતૃભક્ત' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વહુ સાસુના કહ્યા મુજબ જ કામ કર્યા કરે છે. સાસુના કહ્યા વિના એક પણ પગલું ભરવાની હિંમત નહોતી. વહુ કામમાં વ્યસ્ત હોવાથી સાસુને કામની ના પાડે છે. સાસુ વહુને ભાષણ આપે છે કે, આજકાલની વહુઓ કેવી કહ્યામાં રહેતી. સાસુનું ભાષણ સાંભળી વહુ નિરાશાનો સંઘર્ષ અનુભવે છે.

"કોને ખબર દેશમાં કેટલીયે સ્ત્રીઓ આમ જ રોટલા ઘડીઘડીને આયુષ્ય પૂરું કરતી હશે!" (પૃ. ૧૩૧)

'ધીમું ઝેર' ('એક લહર', ૧૯૫૭)

લીલા પ્રભાત સાથે લગ્ન કરવા માગે છે. પ્રભાત ગરીબ હતો. લીલાના પિતા તેની સાથે લગ્નની ના પાડે છે. તે પ્રભાત વગર જીવવા માગતી નથી. તેનાં માતા-પિતાએ લીલાના લગ્ન માટે મુરતિયો શોધવા માંડ્યો. પ્રભાત સાથેના લગ્નની ઇચ્છા પૂર્ણ ન થતાં લીલા નિરાશા અનુભવે છે.

"દહાડે ઊંઘવું, રાતે જાગવું, રેડિયો પર આવતી દર્દભરી રેકર્ડો સાંભળી રડવું, મેલાંઘેલાં કપડાં પહેરવાં ને વાળનું, દેખાવનું, જરા પણ ધ્યાન રાખવું નહીં એ તેની હવે આદત થઈ ગઈ હતી. તેને ખાવાપીવામાં પણ રસ નહોતો." (પૃ.૨૨)

લીલાના આકસ્મિક બદલાયેલા વ્યવહારને જોઈને પ્રભાત પીડાનો અનુભવ કરે છે.

"પ્રભાત એકદમ બારી તરફ ગયો. તે રડતો હતો." (પૃ. ૩૦)

આ રીતે લીલાના પિતા ગરીબ પ્રભાત સાથે લગ્નની ના પાડતાં નિરાશા અનુભવે છે.

'બીજી મધુરજની' ('એક લહર', ૧૯૫૭)

લલિતા તેની પૂરી જિંદગી  કુટુંબની સેવામાં જ વ્યતીત કરે છે. તેને પતિ સાથે કલકત્તા રહેવાનો મોકો મળે છે, બંને ખુશીથી જીવે છે. પરંતુ રૂપિયા ઘરે ન મોકલતાં સાસુ અને તેના જેઠ લલિતા પર આક્ષેપો કરે છે. તેને પાછા આવવાનું જણાવે છે.

"આ લાગણી તેને લગ્નજીવનના પ્રારંભમાંયે કદી જોયાં નહોતાં. તેનાથી જુદા પડતાં તેમને આટલું દુ:ખ થાય છે." (પૃ.૧૨૮)

આ આક્ષેપો સહન કરી શકતી નથી. લલિતા નિરાશા અનુભવે છે.

'સોનેરી પક્ષીનું પીંછું' (ટાઢ', ૧૯૮૭)

નાયિકા પતિ, સંતાનો તેમજ સમાજ સાથે જીવન જીવતાં શીખી ગઈ છે. નાયિકા આ બધા સંબંધોને છોડી શકતી નથી. મલયનું માનવું છે કે દંભી વ્યવહારમાં રાચતી નકલી દુનિયામાં રહેવા કરતાં અસલી ભાવના સૃષ્ટિની શોધમાં નીકળી પડવું. નાયિકા પોતાના કુટુંબીજનોનો વિચાર કરે છે. તે મલયની માફક દુનિયાને છોડી શકવાની નથી. અણગમતા અને નિરર્થક લાગતાં કામો દિનપ્રતિદિન કરવાનાં એમ વિચારી નાયિકા નિરાશા અનુભવે છે.

"હું તો એક સુખી ગૃહિણી છું. શાંત અને સ્વસ્થ. મારે અતુલ છે, અલકા છે, ઘર છે, સમાજ છે, પ્રતિષ્ઠા છે, દુનિયાથી ગમે તેટલી કંટાળું તોયે હું મલયની માફક મોકળે મને કહી શકવાની નથી, બહેતર છે કે દુનિયા ચાલતી બંધ થઈ જાય!" (પૃ. ૬૨)

આ રીતે નાયિકા ઘરની જવાબદારીના કારણે પોતાની મરજી મુજબ જીવી શકતી નથી, જેના કારણે નિરાશા અનુભવે છે.

'ઘરનું માણસ' ('ટાઢ', ૧૯૮૭)

હનુમાનજીની બાધા પૂરી કરવા જતાં શ્રદ્ધાળુની વાત છે. સાધુ ઘરસંસારની જવાબદારીઓથી ભાગીને ભક્ત થયો છે. સાધુપત્ની સંતાનોની અને પતિની જવાબદારી આવી પડતાં નિરાશા અનુભવે છે.

"એના બબડાટમાં છોકરાં ને છોકરાંનો બાપ અને સમસ્ત સંસાર સમાઈ જતાં હતાં." (પૃ. ૧૦૭)

આ વાસ્તવિકતા નાની વહુ જાણતા એ અણગમાથી કવેણ બોલે છે કે આવા કાળમુખા બાવાઓ પાસે બાધા આખડી મૂકવાનું.

"તે ભેગી પેલી વીફરી અને નેણમાંથી અંગારા ખેરવતી ઊભી થઈ ગઈ. તમે ઇને કવેણ કાઢ્યું?" (પૃ. ૧૦૭)

પતિ સંસારની જવાબદારીઓથી  ભાગી ગયો હોવા છતાં તેનું અપમાન સહન કરતી નથી. પતિનું અપમાન થતાં સાધુપત્ની ગુસ્સાનો ભાવ અનુભવે છે.

'દૃષ્ટોદૃષ્ટ' ('ટાઢ', ૧૯૮૭)

કાશીમાના પતિનું મૃત્યુ થાય છે. પતિના અવસાનથી કાશીમા અસહ્ય પીડા અનુભવે છે. "વગડાની અધવચ્ચે સથવારો ખોવાઈ જાય ને માણસ મૂંઝાઈને ઊભું રહે એવો ઘાટ થયો છે કાશીનો." (પૃ. ૧૫૯)

પતિના મૃત્યુ બાદની અંતિમ ક્રિયાઓની વિધિ કરવા માટે કાશીમા પાસે રૂપિયા પણ નથી. કાશીમા નિરાશા અનુભવે છે.

"બાપ-દીકરાએ કોઈ પિતરાઈઓ સાથે પણ સારાસારી રાખી નથી. કોણ પડખે આવીને ઊભું રહેવાનું હતું? શી રીતે કારજ પાર પાડવાનું હતું?" (પૃ.૧૫૯)

કાશીમા પોતાની માએ આપેલી રામતુલસી વેચવા તૈયાર થાય છે. એમાંથી આવેલા રૂપિયાથી કામ પતાવશે. રામતુલસી ખોટી નીકળતાં કાશીમાની ધારણા ખોટી પડે છે. કાશીમાની નિરાશામાં વધારો થાય છે.

કંકુચોખા ('જાવલ', ૨૦૦૧)

ચૈતાલી કિંજલને પ્રેમ કરે છે. તેની સાથે લગ્ન કરવા માગે છે. મા તેના લાંબા વાળને કારણે વિરોધ ઉઠાવે છે. ચૈતાલી નિરાશા અનુભવે છે.

"હું કિંજલ વિના રહી શકું તેમ નથી. અને મમ્મીને કિંજલ ગમતો નથી. આ સંજોગોમાં મારે ઘર છોડવું જ પડે ને!" (પૃ. ૧૯૮)

ચૈતાલી કિંજલ વગર રહી શકતી નથી. તે ચિઠ્ઠી લખીને ઘરેથી ભાગી આવે છે. મા અનસૂયાબેનને ચિંતા થતાં અસહ્ય પીડા અનુભવે છે.

"આયહાય....એણે કિંજલની લ્હાયમાં બૉબીનેય છોડી દીધો! બિચારા મૂંગા જાનવરના શા હાલ થશે?" (પૃ. ૧૯૯)

ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે સ્ત્રીપાત્રોની ઇચ્છા વિરુદ્ધનું કાર્ય થવાથી નિરાશા તીવ્ર બનતી જોવા મળે છે. લગ્નની તીવ્ર ઇચ્છા પૂર્ણ ન થવાથી નિરાશા અનુભતી સ્ત્રીપાત્રો 'દીકરીનું ધન', 'ધીમું ઝેર' અને 'કંકુચોખા' વાર્તાઓમાં જોવા મળે છે. 'વિશ્રંભકથા' અને 'એક વખત' વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનાં લગ્ન પસંદગીના યુવક સાથે ન થતાં નિરાશા અનુભવતી જોવા મળે છે. તેનાથી વિરુદ્ધ 'ઘરનું માણસ',

લક્ષ્મણરેખા', 'નો કૉમેન્ટસ' વાર્તાઓમાં સ્ત્રીની અપેક્ષા વિરુદ્ધનો પતિ મળતાં નિરાશા તીવ્ર બનતી જોવા મળે છે. આ રીતે વાર્તાઓને જોતાં સમજાય છે કે નિરાશા પાછળ સ્ત્રીની ભણવાની ઇચ્છા અધૂરી રહેવી, પસંદગીના પાત્ર સાથે લગ્ન ન થવા, પતિનો દુર્વ્યવહાર, સમાજના રૂઢિ રિવાજો વગેરે જવાબદાર પરિબળો છે.

## જૂથ-૨: પીડા

કોઈ નકારાત્મક વસ્તુ કે વિચારથી પોતાનામાં ખામી કે ઊણપ છે એવું સમજવા લાગે અથવા તો કોઈ અંગત વ્યક્તિને ગુમાવી દેવાથી જે લાગણીનો અનુભવ થાય છે તે પીડા છે. તીવ્ર અસહ્ય માનસિક પીડાને અવ્યવસ્થિત લાગણી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.  જેમાં આર્થિક ખેંચતાણને કારણે પીડાનો અનુભવ થાય છે. કૌટુંબિક ક્લેશને કારણે વ્યક્તિ પીડા અનુભવે છે. જેમાં ઘરની વાત બહાર ન જવા દે પરંતુ અંદરથી કૌટુંબિક પીડાથી પીડાતા હોય છે. કાલ્પનિક પીડામાં કંઈ ન હોય અને આપણે કલ્પનાના ઘોડા દોડાવીએ તેનો સમાવેશ થાય છે.

પીડાની વાર્તાઓમાં જોઈએ તો સ્ત્રી પોતાના સંતાનથી અલગ થઈ જવાના કારણે અસહ્ય પીડાનો અનુભવ કરે છે. કોઈ સ્ત્રીના પોતાના પ્રેમી સાથે લગ્ન ન થઈ શકવાના કારણે પીડાનો અનુભવ કરે છે તો કોઈ સ્ત્રી પોતાના પતિના કારણે પીડાનો અનુભવ કરતી જોવા મળે છે. સ્ત્રી વિધવા થવાના કારણે પણ લાચારી અનુભવે છે.

'કવિના પ્રેમપત્રો' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રોહિત સુભદ્રાને પત્રો લખે છે. તે પત્રોને રોહિત છપાવવા માગે છે. સુભદ્રા રોહિતના પત્રોનું સત્ય જાણે છે. આવા પુરુષ સાથે પોતે લગ્ન કરવા જઈ રહી હતી. આ વિચાર માત્રથી તેનું હૃદય કંપી ઊઠે છે. સુભદ્રા અસહ્ય પીડા અનુભવે છે.

“રેતીનો મહેલ મોજાંની એક જ થપાટે ઓસરી જાય તેમ તેની દુનિયા ધ્રૂજી ઊઠી.” (પૃ. ૧૯૯)

સુભદ્રાનો રોહિતના પ્રેમ પરથી વિશ્વાસ તૂટે છે. અણકલ્પેલા આઘાતના કારણે સુભદ્રાની પીડાની તીવ્રતા વધે છે. એ તીવ્રતા વધતાં સુભદ્રા રોહિત સાથે લગ્ન ન કરવાનો નિર્ણય કરે છે.

“જેણે ભવિષ્યના વિવેચકો અને વાચકો સામે દૃષ્ટિ રાખીને સુભદ્રાને શબ્દોનાં ખોટાં લાડ લડાવ્યાં તે માણસ પર હવે કદીય વિશ્વાસ આવી શકે ખરો?” (પૃ. ૧૯૯)

રોહિતના વર્તનથી સુભદ્રા ઊંઘી પણ શકતી નથી. તેને ખૂબ આઘાત લાગતાં પીડા અનુભવે છે.

‘અંધારી રાત’ (‘એક લહર’, ૧૯૫૭)

નિરૂપમા અને મહેશ દીકરીને ગુમાવવાથી અફસોસ થાય છે. દીકરીને શોધવાનો પ્રયત્ન કરે છે. દીકરી ન મળવાની સ્થિતિથી બંને ગૂંગળામણ અનુભવે છે. તેના લીધે બંને નિરાશ થાય છે. પોલીસ દ્વારા અજાણી બાળકીના મૃતદેહની વાત જાણવા મળે છે. આ જાણવાથી બંને કાલ્પનિક ભય અનુભવે છે કે આ દીકરી પોતાની અનુરાધા તો નહી હોય? આ પ્રશ્નનો ઉત્તર ન મળવાથી બંનેની ભયની તીવ્રતા વધે છે. એ બાળકી પોતાની

અનુરાધા હશે એ વિચારી બંને ડરનો અનુભવ કરે છે. નિરૂપમા અને મહેશની દીકરીને પાછી મેળવવાની ઝંખના તીવ્ર બને છે. એ મનોસ્થિતિથી બંને અસહ્ય પીડા અનુભવે છે.

"મારી રાધા આ છે જ નહીં. એ જીવે છે. મને સંભારે છે, કોઈ નહીં શોધી આપે મારી દીકરીને?" (પૃ. ૩૪) મહેશ પણ વિચારે છે કે,

"ગાતી, નાચતી, કૂદતી એ અનુરાધા ક્યાં ગઈ? તેને પોતાનું માથું કૂટવાનું મન થઈ ગયું. શા માટે પોતે એટલો ગાફેલ રહ્યો?" (પૃ. ૩૩)

નિરુપમા દીકરીને શોધવા ફરી મુંબઈ જાય છે. ભિખારી સાથે અંધ બની ગયેલી અનુરાધાનું મિલન થાય છે. નિરુપમાની શોધખોળ પછી દીકરીનો મેળાપ થતાં તેની સંઘર્ષનું શમન થાય છે. એ સાથે જ દીકરીને અંધ થયેલી જોઈ નવી પીડાનો જન્મે છે.

"છોકરીની છેક પાસે જઈને જોયું તો તે જ ચિરપરિચિત ચહેરો, દુ:ખથી કરમાઈ ગયેલું નવી જ રેખાઓથી જરા બદલાયેલું ને થાકેલું લાગતું પણ તે જ મ્હોં, માત્ર આંખનાં બે રતન નથી." (પૃ. ૩૭)

આ રીતે વાર્તાનાં પાત્રો એકથી વધુ સંવેદનોનો અનુભવ કરે છે. કાલ્પનિક અને વાસ્તવિક અનુભવથી પાત્રો સંઘર્ષની પરિસ્થિતિમાંથી પસાર થાય છે.

'સંયોગ' ('એક લહર', ૧૯૫૭)

રેવતીના પ્રેમી શ્રીનાથનનો અકસ્માતમાં હાથ કપાઈ જાય છે. એ જાણી રેવતી અસહ્ય પીડા અનુભવે છે.

"તેની આંખે અંધારાં આવવા લાગ્યાં. બારણું પકડે ન પકડે ત્યાં એનાથી બેસી પડાયું. પસીનાથી તરબોળ તે ત્યાં જ બેહોશ થઈને ઢળી પડી." (પૃ. ૧૯૮)

રેવતી શ્રીનાથનને પ્રેમ કરે છે. તેની સાથે લગ્ન કરવા માગે છે. શ્રીનાથન શ્યામ રંગનો અને ગરીબ અને પરજ્ઞાતિનો હતો. તેના વિશે જાણી યદુનાથ રેવતીને ભૂલી જવાનું જણાવે છે. રેવતી શ્રીનાથન વગર ખુશ નથી. તે નિરાશા અનુભવે છે.

"હૈયાના ઘાવ રૂઝાવા મુશ્કેલ છે. અંદરથી પોતાની ગુપ્ત વેદનાના ભારે પીડાતી રેવતી શ્રીનાથનને છેલ્લો પત્ર તો લખીને પરવારી ગઈ હતી, પણ સ્મરણોની દુનિયામાંથી બહાર નીકળવાનું બનતું નહોતું." (પૃ. ૧૯૭)

આ રીતે પિતા સાથેના સંઘર્ષના કારણે પીડા અને નિરાશાની સંવેદનાનો અનુભવ કરે છે.

'રક્ષાબંધન' ('એક લહર', ૧૯૫૭)

વિધવા માને કીર્તિના લગ્ન પહેલાં જ પ્રેમીલાના સ્વભાવની જાણ હતી. તે કુટુંબની આબરૂ જાળવશે કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર ન મળવાથી વિધવા મા કાલ્પનિક ભય અનુભવે છે.

"આ ફૂલફટાક ઘરની છોકરી, કુટુંબની આબરૂ જાળવશે? પોતાનું ઘડપણ તો નહીં બગડે ને? અને ન કરે નારાયણ ને પોતાને કંઈ થયું તો પછી સૌથી નાની કુંજલતાનું શું થશે?" (પૃ. ૨)

પ્રેમીલાના કહેવાથી કીર્તિ માને ઢોંગી માની લે છે. આ સાંભળી મા અસહ્ય પીડા અનુભવે છે.

"આખી રાત માને ઊંઘ ન આવી...કીર્તિ, ખરેખર શું વહુના કહેવા પરથી તેં માને ઢોંગી માની લીધી? આટલો બરડો ફાટફાટ થાય છે. તોયે દીકરા, તેં એકવાર પાસે આવીને ખબરેય ન પૂછી કે, "તને શું થાય છે?"(પૃ. ૬)

કીર્તિ માતાથી અલગ રહેવાનું નક્કી કરે છે. માના પગ નીચેની ધરતી સરી ગઈ. પ્રેમીલાની દોરવણીએ કીર્તિ માતાથી અલગ થઈ જતાં માની પીડામાં વધારો થાય છે.

"કયે મોંએ કીર્તિ આ બોલ બોલી શક્યો? કોનાથી જુદા થવાની એણે વાત કરી? ભાગિયો તો કોઈ હતો નહીં, કુમળી કળી જેવી બહેન, ને ખર્યા પાન જેવી માથી જુદા થવાની તેને ઇચ્છા હતી?" (પૃ. ૬)

'જાવલ' ('જાવલ', ૨૦૦૧)

જાવલ ડાકણ ન હોવા છતાં ગામલોકો ડાકણ માનતા. ગામમાં ભગવાનભાઈનો છોકરો મૃત્યુ પામે છે. ગામલોકોને જાવલ પર શંકા થાય છે. જાવલની દીકરી મણકી જાવલને આ વાતની જાણ કરે છે. જાવલ અસહ્ય પીડા અનુભવે છે.

"મીં ઇમનું કોંય બગાડ્યું નથ તોય મુંને જિંદગીભર હંતાપી છ. જોનવરની જ્યમ ગામબા'ર કાઢી મેલી છ, મણકી...ઇમનું હારું નૈં થાય...' લાંબે સાદે રોદન કરતી તે આંખમાંથી બોર જેવડાં આંસુડાં સારવા લાગી. (પૃ.૧૧૫)

આ રીતે જાવલ અંધશ્રદ્ધાને કારણે પીડાનો અનુભવ કરે છે.

'અવસર ચૂક્યા મેહુલા' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

શચીના પિતા સંજય સાથેના લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. શચી શરમના લીધે કંઈ ઉત્તર આપતી નથી. સંજયને લાગે છે કે શચી લગ્ન માટે ના પાડે છે. તે રીસાઈને બીજી કન્યા સાથે લગ્ન કરી લે છે. સંજયના આ નિર્ણયથી શચી અસહ્ય પીડા અનુભવે છે.

"સંજયને પારકો થતો જોવાની હિંમત તેનામાં નહોતી. રોઈરોઈને દહાડા કાઢતી શચી સુકાવા માંડી." (પૃ. ૨૦)

સંજયને લગ્ન પછી જાણ થાય છે કે શચી પોતાને જ પ્રેમ કરતી હતી. પોતાની સાથે લગ્ન કરવા માગતી હતી. પોતે કરેલી લગ્નની ભૂલ સમજાતાં સંજય અફસોસ અનુભવે છે.

"સંજયનું મન બધું મનઅભિમાન ભૂલી જઈ શચીનાં ચરણોમાં ઢળી પડવા અધીર બની ગયું હતું પણ તરલાનો વિચાર આવતાં તે જન્મટીપના કેદી જેવી નિરાશ અસહાયતા ભોગવતો હતો." (પૃ. ૨૦) તે વિચારે છે કે,

"પોતાનો એ મહામૂલો અધિકાર તેણે હાથે કરીને જ સપ્તપદીના મંત્રોમાં ખોઈ નાખ્યો હતો." (પૃ. ૨૧)

સોનાનું ઘડિયાળ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

મનોરમાની સગી મા મૃત્યુ પામે છે. પિતા ફરી લગ્ન કરે છે. સાવકીમા મનોરમા સાથે હંમેશાં ઝઘડ્યા કરે છે. સાવકીમાનું પોતાના પ્રત્યેનું આવું વલણ જોઈ મનોરમા અસહ્ય પીડા અનુભવે છે.

"કોઈના દેખતાં ગાળ દેવાય ત્યારે સામું બોલવાને બદલે તે માત્ર આંસુ સારતી. માર પડે ત્યારે ભગવાનને મોત મોકલવા વિનવતી." (પૃ. ૧૭૪)

મનોરમા વસંતને પ્રેમ કરે છે. સાવકીમા મનોરમા સાથે ઝઘડે છે. તે ચાળીસ વર્ષના બીજવર સાથે લગ્ન નક્કી કરી નાખે છે. મનોરમા વસંત સાથે ભાગી જાય છે. તેને શોધી લાવીને બીજવર સાથે લગ્ન કરાવી નાખે છે. મનોરમાની પીડામાં વધારો થાય છે.

"...ભય, શરમ અને દુ:ખથી લેવાઈ ગયેલું મનોરમાનું મુખ મેં જોયું." (પૃ. ૧૮૨)

રસિકલાલ સાવકીમાનો પુત્ર છે. સાવકીમા મનોરમા પાસે ખૂબ કામ કરાવતી તેમજ ખૂબ જ વઢતી. એ જોઈને રસિકલાલને પોતાની મા પ્રત્યે અણગમો થાય છે.

"માની કટુતા મનોરમાની સાથે સાથે મનેય વીંટળાઈ વળતી. તેનો પક્ષ લેવા માટે મારે ખૂબ સહેવું પડતું." (પૃ. ૧૭૭)

મનોરમાને વસંત નામના યુવાન સાથે પ્રેમ થાય છે. આ જાણીને સાવકી મા ચાળીસ વર્ષના બીજવર સાથે લગ્ન ગોઠવે છે. મનોરમા ભાગી જાય છે. રસિકલાલની ઉંમર નાની હોવાથી સમજ ન પડતાં મનોરમાને પકડી લાવે છે. બીજવર સાથે લગ્ન કરાવી નાખે છે. રસિકલાલને ઇનામરૂપે સોનાની ઘડિયાળ મળે છે. મનોરમાને દુ:ખી જોઈને રસિકલાલને પોતાની ભૂલ સમજાય છે. રસિકલાલને મનોરમાનું જીવન બરબાદ કર્યાનો પશ્ચાતાપ થતાં અફસોસનો અનુભવ થાય છે.

"મારી અકથ્ય વેદના અને પશ્ચાતાપ કેમે કરીને હું એને જણાવી શક્યો નહીં. બસ, એ જ અમારું છેલ્લું મિલન અને એ એના છેલ્લા શબ્દો. મારી બહેન, મારા મનની સાચી મિત્ર એવી મારી મનોરમા તે દિવસે મરી ચૂકી." (પૃ. ૧૮૩)

આ રીતે મનોરમા સાવકી માના વર્તનને કારણે પીડાનો અનુભવ કરે છે. આ વાર્તામાં પુરુષ પણ અફસોસ અને અણગમો સંવેદનાનો અનુભવ કરે છે.

'અનાથાશ્રમની કન્યા' ('એક લહર', ૧૯૫૭)

હેમલતાનાં લગ્ન મધુકાન્ત સાથે થાય છે. હેમલતા અનાથ હોવાની જાણ સમાજના લોકોને થતાં તે હાંસીપાત્ર બને છે. મધુકાન્ત પણ હેમલતાના પક્ષમાં કંઈ જ બોલતો નથી. સાસુ પણ મહેણાં મારે છે. તે ઘરની બહાર નીકળતાં જ તેની લોકો મજાક ઉડાવતાં જોઈને હેમલતા અસહ્ય પીડા અનુભવે છે.

"જે ગુણો કોઈ સામાન્ય છોકરીમાં પામીને તે ફૂલ્ય ન સમાત, તે જ ગુણો અનાથાશ્રમની એ તરુણીમાં સ્થાન પામી નહિવત બની ગયા હતા....તેનું રૂપ, તેનાં સદગુણ, બધું ઊલટાનું તેને નોંધપાત્ર બનાવી ગામમાં પોતાની હાંસી ઉડાડવામાં કારણભૂત બનતું હતું." (પૃ. ૪૨)

આ રીતે હેમલતા અનાથ હોવાના કારણે એકલતા અનુભવે છે. કોઈ સાથ ન આપતાં હેમલતા પીડા અનુભવે છે.

'બુડથલ' ('જાવલ', ૨૦૦૧)

નાયિકાનો પતિ અમેરિકા રહે છે. તેને અદિતિ સાથે પ્રેમ થઈ જતાં લગ્ન કરવાનું નક્કી કરે છે. નાયિકાનો પતિ પોતાના સંતાનોને આ વાતની જાણ કરે છે. સંતાનો પિતાના કહ્યા મુજબ મા પાસે છૂટાછેડાના કાગળમાં સહી કરવા જણાવે છે. પતિના આવા આકસ્મિક સમાચાર સાંભળી નાયિકા અસહ્ય પીડા અનુભવે છે.

"ભાસ્કરે કાગળ ધર્યો. માએ ધ્રૂજતા હાથે એ લીધો અને ચશ્માં ઉતારીને વાંચવા માંડ્યો. જેમ જેમ વાંચતી ગઈ તેમ તેમ એનું મોં વિલાતું ગયું... તો મેં આટલાં વરસ કર્યું શું?" (પૃ.૫૯)

સંતાનો પિતાના પ્રેમિકાની વાત જાણતાં હતાં. નાયિકા પાસે તેઓ છૂટાછેડાના કાગળ પર સહી લેવા આવ્યાં છે એવું જાણીને નાયિકાની પીડામાં વધારો થાય છે.

"તમે તો જાણતાં હશો. પાંચમાંથી કોઈએય મને વાત ના કરી?" (પૃ. ૫૯)

નાયિકા પતિની છૂટાછેડાની વાત સાંભળી  પીડાનો અનુભવ કરે છે.

'તંતુ' ('જાવલ', ૨૦૦૧)

અંકિતા અને મન્મથ પતિ-પત્ની છે. મિત્સુ એમની દીકરી છે. અંકિતા પરેશના પ્રેમમાં પડે છે. અંકિતા મિત્સુ અને મન્મથને છોડી પરેશ સાથે પરણે છે. મન્મથ આઘાતના કારણે ગુજરી જાય છે. મિત્સુનો ઉછેર તેના દાદા-દાદી કરે છે. તેના દાદા મિત્સુને અંકિતા અને પરેશને સોંપે છે. મિત્સુ અંકિતાને મા માનતી નથી. આ જાણી અંકિતા પીડા અનુભવે છે.

"...હું મરી જઈશ. મારાથી આ વેઠાતું નથી." (પૃ. ૭૭)

અંકિતા રડે છે. પરેશ તેની પીઠ પર હાથ ફેરવી આશ્વાસન આપે છે. મિત્સુ આ દૃશ્ય જુએ છે. અંકિતા શરમજનક સ્થિતિમાં મૂકાય છે. મિત્સુએ પોતાને અન્ય પુરુષ સાથે જોઈ. અંકિતા પોતાની માને અન્ય પુરુષ સાથે ન જોવાના વિચારમાત્રથી કંપી ઊઠી.

પોતાના પિતાની ગુનેગાર માને છે. મા અંકિતાએ પોતાના પતિને છોડી પરેશ સાથે લગ્ન કરી લેવાથી મિત્સુ માને નફરત કરે છે.

“મારા પ્રત્યે તને આટલી નફરત છે એનું કારણ એ જ છે કે તું મને તારા પપ્પાની મિલકત ગણે છે. પરેશને એક લૂંટારો ગણે છે.” (પૃ.૮૩)

અંકિતા મિત્સુ પોતાને નફરત કરે છે એમ જાણી અસહ્ય પીડા અનુભવે છે.

“આજે મિત્સુએ પોતાને જે હાલતમાં જોઈ એ હાલતમાં શું પોતે પોતાની માને જોવાની કલ્પના પણ કરી શકે? વિચાર આવતાં જ એ કંપી ઊઠી.” (પૃ.૭૮)

‘અરુન્ધતી’ (‘જાવલ’, ૨૦૦૧)

અરુન્ધતીને પતિ ઉદ્ધવ અને સંતાનો છે. અરુન્ધતીના પતિને મોનિકા પ્રેમ થઈ જાય છે. તેની સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે. પતિના મોંએ આ વાત સાંભળી અરુન્ધતી અસહ્ય પીડા અનુભવે છે.

“મનમાં એક આશા હતી, આ વખતે બધું ખોટું જ હશે…સાચું હોય તોયે કદાચ પુરુષની ઢળતી જુવાનીનું ગાંડપણ, બહુ છંછેડીએ નહીં તો એની મેળે શમી જાય.” (પૃ.૧૩૫)

ઉદ્ધવના મોનિકા સાથેના લગ્ન કરવાના નિર્ણયથી અરુન્ધતી પોતાના સંતાનો અંગે ચિંતા કરે છે. સંતાનોની ચિંતા અરુન્ધતીની પીડામાં વધારો કરે છે.

“છોકરાંઓનું ઉજ્જવળ ભવિષ્ય તમારી સાથે છે, મારી સાથે નથી. પાસે રાખવાનો મોહ છોડી દેવાથી એમનુંયે ભલું થશે, સાથેસાથે મારુંયે – અને તમને પણ મોનિકાની આ ઉંમરે નવાં સંતાનની તો કોઈ…” (પૃ. ૧૩૮)

‘આશા’ (‘જાવલ’, ૨૦૦૧)

આશા જન્મથી જ બોડકી જન્મે છે. તેનાં મા-બાપ, ભાઈ- બહેન તેમજ આખો સમાજ તેને બોડકી કહીને ખીજવે છે. બોડકી દીકરીથી છૂટવા તેનાં માતા-પિતા આશાના લગ્ન બીજવર સાથે કરાવી દે છે. આશાનાં લગ્ન ટકતાં નથી. તેનાં માતા-પિતા આશા ઉપર હાથ પણ ઉપાડતાં ખચકાતાં નથી. તેની મા પણ રોજ તેને ગાળો આપે છે. આશા અસહ્ય પીડા અનુભવે છે. તે નાયક પાસે તેની વેદના વ્યક્ત કરે છે. જુઓ;

“સાહેબ, મારે વાળ નથી. મારે રૂપ નથી..મારા નસીબમાં માર જ છે. માર અને ગાળો. બીજું કશું છે જ નહીં સાહેબ.....મેં બહુ વેઠ્યું છે, હવે વધારે નહીં વેઠાય.” (પૃ. ૧૭૩)

આશા યશંવતને પ્રેમ કરે છે. પોતે બોડકી હોવાથી યશવંતની જિંદગી બગડશે એવું વિચારી આશા કાલ્પનિક ભય અનુભવે છે.

“યશવંત સાથે પરણીશ તો એય કોક દહાડો મને બોડકી કહીને ખીજવશે, મારશે, ગાળો દેશે – પછી હું કોનું મોં જોઈને જીવીશ, સાહેબ?” (પૃ. ૧૭૩)

આ રીતે આશા પરિવારજનો અને સ્વ સાથેના સંઘર્ષના કારણે પીડા અને ભયનું સંવેદન અનુભવે છે.

‘ગઈકાલની ખાનદાની’ (‘એક લહર’, ૧૯૫૭)

મહાલક્ષ્મીના પતિ દયાશંકરનું અવસાન થવાથી મહાલક્ષ્મી અસહ્ય પીડા અનુભવે છે.

“મહાલક્ષ્મી ગોરાણીને વૈધવ્યનું દુ:ખ ભાવિની ચિંતાના સાજ સજીને અનેકગણું વધારે અસહ્ય બની મૂંઝવવા લાગ્યું.” (પૃ. ૭૬)

દયાશંકરના અવસાનથી બ્રાહ્મણ કુટુંબ આર્થિક સંકળામણ અનુભવે છે. પોતાનાં સંતાનોની ચિંતા થતાં મહાલક્ષ્મીની પીડામાં વધારો થાય છે.

"હું બાઈ માણસ, કોની આગળ હાથ લાંબો કરવા જાઉં? છોકરાં તો બાપડાં છેક સિવાઈ ગયાં છે. પડ પડ તો કે સદાવડી. એય ગયા અને એમની મૂડીય સાથે લેતા ગયા." (પૃ. ૭૯)

'નર્મદા' ('એક લહર', ૧૯૫૭)

યશોદાને લગ્નની પ્રથમ રાત્રે જ બિહારીની પ્રેમિકાની જાણ થાય છે. અચાનક આઘાતજનક સમાચારથી યશોદા અસહ્ય પીડા અનુભવે છે.

"યશોદાની આંખે અંધારાં આવી ગયાં. પોતાને જ મોંએ આવો સ્પષ્ટ એકરાર કરવા છતાં બિહારીની વાતમાં ભરોસો ન કરે એવી તે મૂર્ખ નહોતી." (પૃ. ૧૫૫)

બિહારીએ લગ્ન પહેલાં આ વાતની જાણ તેના પિતાને કરી હતી. પિતાએ અંધારામાં રાખીને યશોદાના લગ્ન બિહારી સાથે કરાવી નાખે છે. આ વાત જાણી યશોદાની પીડામાં વધારો થાય છે.

"પિતાએ જાણી જોઈને જ પોતાને અહીં પરણાવી છે તે પછી જિંદગીનો આ બોજો વેઠ્યે જ છૂટકો." (પૃ. ૧૫૭)

બિહારી યશોદાને પોતાનાં માતા-પિતા તથા ઘરની જવાબદારી સોંપીને ચાલ્યો જાય છે. પતિ વગરનું જીવન કલ્પીને યશોદા નિરાશા અનુભવે છે.

"..આનંદકિલ્લોલ કરતાં પતિપત્નીને જોતાં તેનાથી નિસાસો નખાઈ જતો, મારો તો ભવ બગડ્યો!" (પૃ. ૧૫૮)

"યશોદા પણ તેને જોઈને બળી ઊઠી. હાય, શરીરના શા હાલ કર્યા છે! પહેલાં તો દેખાવમાં છેક આવા નહોતા." (પૃ. ૧૬૦)

'કૂંપળ' ('જાવલ', ૨૦૦૧)

મનોજ સુનંદા સાથે લગ્ન કરવા માગે છે. તેના પિતા લગ્ન થવા દેતા નથી. સુનંદાના લગ્ન બીજા યુવક સાથે કરી નાખે છે. તેનો વર સુનંદાને ઢોર માર મારે છે. પતિનો માર સહન કરતી સાંભળીને મનોજને અસહ્ય પીડા અનુભવે છે.

"એ કોઈ પણ રીતે સુનંદા પાસે જઈને ઊભો રહે ને પેલાં બે સુંદર નયનો – અગાધ શાંતિભર્યાં બે વિશાળ નયનો – એની સામે મંડાય ત્યારે એ નજર પોતે જીરવી શકે? પેલો નિ:શબ્દ પ્રશ્ન એ આંખોમાંથી ડોકાય – તમે કેમ જતા રહ્યા?" (પૃ. ૧૦૯)

આ રીતે પુરુષપાત્ર પણ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ અનુભવતો જોવા મળે છે.

'લિપસ્ટિક' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

પૌલોમી લિપસ્ટિક લગાવીને શાળામાં આવે છે. અશોક તેના શોખનો વિરોધ કરી બધાંની વચ્ચે તેનું અપમાન કરે છે. અશોકે કરેલા અપમાનથી પૌલોમી પીડા અનુભવે છે.

"આ ચેનચાળા તમને લોકોને શોભે – શોભતા હશે પણ અમને એ કેટલા ત્રાસદાયક લાગે છે એનો વિચાર કર્યો છે કોઈ દિવસ?...એ સાંભળતાં જ પૌલોમીની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં." (પૃ.૪૯)

પૌલોમીના શાળામાંથી ચાલ્યા જવાના નિર્ણયથી અશોક માફી માગે છે. તેને શાળામાં હાજર થવા વિનંતી કરે છે. સમય જતાં બંને એકબીજાને પસંદ કરવા લાગે છે. તેઓ લગ્નગ્રંથિથી જોડાય છે. અશોકને ન ગમવાથી પૌલોમી લિપસ્ટિકનો ત્યાગ કરે છે. તે નિરાશા અનુભવે છે. પોતાના કારણે લિપસ્ટિકનો ત્યાગ કર્યાની જાણ અશોકને થાય છે. અશોકને પોતાની ભૂલ સમજાતાં અફસોસ અનુભવે છે.

"તેના જેવી સુંદર સ્ત્રીને પોતાનું રૂપ વધારવાનું મન થાય એ પણ શું સ્વાભાવિક નહોતું? અશોક પ્રત્યેના પ્રેમને લઈને જ તેણે એ બધું છોડી દીધું. એ ત્યાગ મનનો નહોતો પણ પરાણે ઠસાવેલો હતો. (પૃ. ૫૩)

'મારા મનથી એમ કે' ('ટાઢ', ૧૯૮૭)

શિલ્પાનો પતિ લગ્ન બાદ ભાગી જાય છે. તેનો આરોપ શિલ્પા ઉપર આવે છે. પોતાનો પતિ કેમ ભાગી ગયો એ તેને સમજાતું જ નહોતું. તેનાં સાસુ રમાબહેન શિલ્પા ઉપર આરોપ મૂકે છે. શિલ્પાનાં મા-બાપ પણ આવી પરિસ્થિતિમાં મળવા પણ આવતાં નથી. તે સમજી શકે એટલી સક્ષમ પણ નથી. પતિ પ્રેમિકા સાથે ભાગી જાય તે આરોપ શિલ્પા ઉપર આવે છે. આ ઘટનાથી શિલ્પા અસહ્ય પીડા અનુભવે છે.

"એનો મૂંઝારો વધતો ગયો. એને બીક લાગવા માંડી. ઘરનાં, ઘરનાં માણસોને, જતા રહેલા સુનીલની, જિંદગીનાં બાકી રહેલાં વર્ષોનાં, ભૂલેશ્વર ગયેલી મમ્મીની, નહીં આવેલા પપ્પાની, દીવાનખૂનાની સેટીને એક ખૂણે એ કોકડું વળીને બેસી રહી..."(પૃ. ૮૪)

ઉપરોક્ત વાર્તાઓને તપાસતાં જોઈ શકાય છે કે 'અંધારી રાત' વાર્તાની નાયિકા પોતાની દીકરી ખોવાઈ જતાં તેની પીડા તીવ્ર બને છે. તેનાથી વિરુદ્ધ દીકરો માથી

અલગ રહેવાનો નિર્ણય કરતાં અસહ્ય પીડાનો અનુભવ કરે છે. પ્રેમી સાથે કોઈ કારણોસર લગ્ન ન કરી શકતી સ્ત્રીની વેદના પીડામાં પરિણમે છે. પુરુષ પણ પોતાની પ્રેમિકાને દુ:ખી જોઈને પીડાનો અનુભવ કરે છે. આ રીતે પીડાની ભાવના પાછળ સ્ત્રીના પતિની બેવફાઈ, પ્રેમી સાથે લગ્ન ન થવાં, સંતાન-વિયોગ વગેરે પરિબળો જવાબદાર છે.

## જૂથ-3: અફસોસ

અફસોસ નકારાત્મક ભાવના છે, જે મુખ્યત્વે આપણા ભૂતકાળ સાથે જોડાયેલી છે. વ્યક્તિના મનમાં અનુચિત કામ કર્યાનો દુ:ખજન્ય વિચાર તે અફસોસ છે. વ્યક્તિને જ્યારે ખોટું કાર્ય કરવાનો અહેસાસ થાય છે અને તેને પોતાની ભૂલ સમજાતાં દુ:ખ, શોક કે પશ્ચાતાપ થાય છે તે અફસોસની ભાવના છે. વ્યક્તિ કોઈ ભૂલ કરે છે ત્યારે તેની અસર અન્ય વ્યક્તિ પર પણ પડે છે.

આ જૂથમાં ૭ વાર્તાઓનો સમાવેશ થયો છે. આ વાર્તાનાં સ્ત્રીપાત્રો પોતે લીધેલા નિર્ણયના કારણે દુ:ખી થાય છે. પોતાની ભૂલના કારણે અફસોસનો અનુભવ કરતી સ્ત્રીઓ જોવા મળે છે. પૂરી જિંદગી દાવ પર લગાડવાનો અહેસાસ થતો જોવા મળે છે. પોતાના પ્રેમી માટે સ્ત્રી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતી જોવા મળે છે. સ્ત્રીનો પ્રેમી સંકટની પરિસ્થિતિમાં છોડી દેતાં અફસોસ અનુભવે છે.

‘એ વાત ખોટી છે’ (‘અધૂરો કૉલ’, ૧૯૫૫)

‘એ વાત ખોટી છે’ વાર્તામાં માતા-પિતાનું આકસ્મિક અવસાન થવાથી પ્રભા અસહ્ય પીડા અનુભવે છે.

"સહેલીઓને માના લાડકોડની વાતો કરતાં સાંભળતી ત્યારે એના મનમાં ઓછું આવી જતું." (પૃ. ૧૧૭)

"પ્રભા અને અલકાને અનાથ કરી મૂકીને પરભોમની વાટ પકડી. ઘરમાં હાહાકાર વરતાઈ રહ્યો. પિતાની હાજરી કેટલી અનિવાર્ય હતી તેનું ડગલે ને પગલે ભાન થતું. બાપને સંભારી રડતી અલકાને છાની રાખવા જતાં પોતાનાથી પણ રડી જવાતું." (પૃ. ૧૧૮)

મા-બાપ વગરની પ્રભાને ઘરમાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પ્રભા નાની બહેન સાથે એકલવાયું જીવન જીવવાથી અસલામતીનો અનુભવ કરે છે. પ્રભાને સગાસંબંધીઓ ચારિત્ર્ય સાચવવાની સલાહ આપ્યા કરે છે. પ્રભા ચારિત્ર્ય પર ડાઘ લાગી જશે એવા વિચારથી નિંદાનો ભય અનુભવે છે. લગ્નની વાત આવતાં પોતાને છોકરો નાપસંદ કરશે. આવા કાલ્પનિક ભયના કારણે પ્રભાને પુરુષો પ્રત્યે ચીડ થાય છે. તે અપરણિત રહેવાનો નિર્ણય કરે છે.

પ્રભા અલકાના સારા ઉછેર ખાતર અભ્યાસનો ત્યાગ કરે છે. અજાણ્યા યુવાનના કારણે અલકા પ્રભાના ચારિત્ર્ય પર શંકા કરે છે. અલકાના આ વર્તનથી પ્રભા અભ્યાસ અને અન્ય સુખનો ત્યાગ કર્યાનો અફસોસ અનુભવે છે.

"ભણવાનું છોડવામાં પોતે કરેલો પેલો મહાન સ્વાર્થત્યાગ પણ નકામો જ ને?" (પૃ. ૧૨૫)

'કલાકારની પત્ની' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રેખાએ પોતાના મનમાં પતિ તરીકેની જે કલ્પના કરી હતી. તે વિરુદ્ધનો પતિ મળવાથી તેની અપેક્ષાભંગ થાય છે. રેખા નિરાશા અનુભવે છે.

“લગ્નજીવનની મેંદીનો રંગ હાથ પરથી ઊડ્યો નહોતો, ત્યાં જ રેખાનું મન બેચેનીભરી નિષ્ફળતા અનુભવવા લાગ્યું.” (પૃ. ૧૪૯)

કિશોરનો મિત્ર આપઘાત કરે છે. તે આ ઘટના જાણી મિત્રની પત્નીને સાંત્વના આપવાને બદલે તેની હાંસી ઉડાવે છે. રેખા કિશોરના લાગણીશૂન્ય હૃદયને ઓળખી જતાં પશ્ચાતાપ કરે છે. મિત્રના આપઘાત વખતે કિશોરનું અનિચ્છનીય વર્તન રેખાની નિરાશાને અફસોસમાં પરિણમે છે.

“‘મનમાંને મનમાં પછડાટો ખાતી રેખાને હવે સમજાઈ ગયું હતું કે કિશોરની એ અસ્પર્શ્ય તટસ્થતાનો મર્મ શો હતો. એ લાગણીથી પર એવો મહામાનવ નહીં પણ લાગણીહીન જડાત્મા હતો” (પૃ. ૧૫૬)

રેખા પતિના રુક્ષ વર્તનના કારણે અફસોસ અનુભવે છે.

‘બંધન’ (‘એક લહર’, ૧૯૫૭)

માલતી કોકેઇનના નશામાં સપડાય છે. તેને ખરીદવા દાગીના વેચવા મજબૂર થાય છે. કોકેઇન ખરીદવા માલતી માએ પ્રેમથી આપેલાં સોનાનાં કડાં આપી દે છે. તેનું મન ખચકાય છે. માલતી નશાની હાલતમાં પતિ પર ઘાતકી હુમલો કરે છે. નશાની આદતથી પોતાનું જીવન બરબાદ થઈ ગયાનો અનુભવ કરે છે. માલતીને નશો કરવાની ભૂલ સમજાતાં અફસોસનો અનુભવ થાય છે.

"જહન્નમમાં જાય આ નારકીય વસ્તુ! એને માટે પોતે શું શું નહોતું ખોયું? પતિનો પ્રેમ, સંતાનની આશા, આત્મસન્માન, માણસને માણસ કહેવડાવે તે બધું જ....."(પૃ. ૬૯)

માલતી વ્યસનની લતથી કંટાળી જતાં અફસોસ અનુભવે છે.

'કુસુમનો મહેમાન' ('એક લહર', ૧૯૫૭)

કુસુમ સતીશના મિત્ર ડાહ્યાલાલના સ્વભાવથી અજાણ હતી. પત્ર મળતાં જ ડાહ્યાલાલ હાજર થઈ જાય છે. ધીમે ધીમે ડાહ્યાલાલનો ત્રાસ કુસુમને ખબર પડે છે. કુસુમનાં માનીતાં ફૂલોનો ક્યારો ડાહ્યાલાલ કાઢી નાખે છે. અન્ય ઘણા પ્રસંગોમાં ડાહ્યાલાલના આવાં વર્તનો જોઈ કુસુમ પીડા અનુભવે છે.

"બીજે દિવસે સવારે કુસુમ ઊઠીને જુએ છે તો તેનાં માનીતાં ફૂલોનો ક્યારો સાવ સલેપાટ થઈ ગયો હતો. આ વખતે તેનાથી રહેવાયું નહીં. તે રીતસર રડી પડી." (પૃ.૧૯૦)

સતીશનો ઇન્કાર હોવા છતાં કુસુમ ડાહ્યાલાલને ઘરે રહેવાની મંજૂરી આપે છે. ડાહ્યાલાલના વર્તનથી કુસુમ ત્રાસી જાય છે. ડાહ્યાલાલ ઘરમાંથી જવાની ના પાડે છે. સતીશ કુસુમ પર ગુસ્સે થાય છે. સતીશની વાત ન માનીને કુસુમ અફસોસનો અનુભવ થાય છે.

"સતીશ મારી ભૂલ થઈ. મારે તારું સાંભળવું જોઈતું હતું." (પૃ. ૧૮૮)

"હવે આશા મૂકી દેજે, તારા માનીતા મહેમાન હવે જિંદગીભર અહીં જ ચોંટ્યા સમજજે. કુસુમ પાસે બોલવાનું તો કંઈ હતું નહીં. તેણે માત્ર આંસુ સાર્યાં." (પૃ. ૧૯૧)

ડાહ્યાલાલ ઘરમાંથી ન નીકળતાં સતીશ કુસુમ પર ગુસ્સે થાય છે. કુસુમને પોતાની ભૂલ સમજાય છે. જેના કારણે તે અફસોસ અનુભવતી જોવા મળે છે.

'અનિવાર્ય સંજોગોને લીધે' ('ટાઢ', ૧૯૮૭)

નીરવ અને શાશ્વતી લગ્ન કરવાનું નક્કી કરે છે. શહેરી વિસ્તારમાં કરફ્યુ લાગી જાય છે. શાશ્વતી પોતાનું ઘર છોડી નીરવને ઘરે પહોંચે છે. નીરવ આ બધા સંજોગોને કારણે પરણવાનું મુલતવી રાખે છે. નીરવને પ્રેમ કરીને ઘણી મોટી ભૂલ કરી એવા વિચારથી શાશ્વતી અફસોસ કરે છે.

"ઝાંખું સ્વપ્ન દેખાવા લાગ્યું. ઘનઘોર રાત, તોફાની નદી અને માટીનો કાચો ઘડો લઈને બહાર નીકળેલી એક તરુણી.. શાશ્વતીએ આંખો પર હાથ ફેરવીને સ્વપ્નું લૂછી નાખ્યું." (પૃ. ૧૫૦)

કપરી પરિસ્થિતિમાં શાશ્વતી લગ્ન કરવા નીરવ પાસે આવે છે. તે લગ્ન મુલતવી રાખવાનું કહેતાં શાશ્વતી અફસોસ અનુભવે છે.

'અધૂરો કોલ' ('અધૂરો કોલ', ૧૯૫૫)

વસુની સમાજના રૂઢિ રિવાજોને કારણે અનંત સાથેના લગ્નની ઇચ્છા પૂર્ણ થતી નથી. એક તરફ વસુને પોતાના પ્રણયની વાતને મા-બાપથી છૂપાવવાની ઇચ્છા છે. બીજી તરફ વસુ અને અનંત એકબીજા વગર જીવી પણ શકતાં નથી. આ પરિસ્થિતિથી વસુ અને અનંત નિરાશ થાય છે.

"એ અનંત વિના પોતે કેમ જીવી શકે? અને બા-બાપુજી એ લોકો તો કદી પોતાનું પ્રણયગીત સમજી શકવાનાં નહોતાં. એમની પરવાનગી મળે નહીં અને પરવાનગી વિના એકે પગલું ભરવાની વસુમાં હામ મળે નહીં." (પૃ. ૭૨)

બંનેની નિરાશા તીવ્ર થવાથી આપઘાતનો નિર્ણય કરે છે. અનંત આપઘાત કરી લે છે. વસુ તેમાં નિષ્ફળ બને છે. અનંતના સમાચાર જાણવાથી આપઘાતનો નિર્ણય ખોટો લીધો એ વિચારી વસુ અફસોસનું સંવેદન અનુભવે છે.

"આ આપઘાતની વાત આખી બાલિશ છે. અનંત શું ખોટું કહેતો હતો? આ જિંદગી સાચે જ કેટલી બધી જીવવા જેવી છે? પણ હવે બહુ મોડું થઈ ગયું હતું." (પૃ. ૭૩)

"હાથે કરીને આશાઓને સ્વધામ પહોંચાડ્યા પછી વળી ક્યાંથી ભગવાન દયા કરે?" (પૃ. ૭૪)

આપઘાતના લીધેલા નિર્ણયથી વસુ નિરાશા અને અફસોસનો અનુભવ કરતી જોવા મળે છે.

'મમ્મી નામનો પરપોટો' ('ટાઢ', ૧૯૮૭)

માલા તમન્નાના ઉછેર માટે બીજા લગ્ન કરતી નથી. તમન્ના યુવાન થતાં માને શંકાની નજરે જુએ છે. તેનું માન પણ જાળવતી નથી.

પોતાના પ્રત્યે તમન્નાનું આવું વર્તન જોઈ માલા નિરાશ થાય છે. જુઓ;

"તમન્ના જો એની સામે પૂજ્યભાવે જુએ તો એને બહુ ગમે. એની બીજી બહેનપણીઓની દીકરીઓ કેવી પોતાની માતાઓને માન આપે છે! કેવા આદરથી એમના વિશે વાત કરે છે!" (પૃ. ૬૬)

તમન્નાનો વિચાર કર્યા વગર બીજા લગ્ન લીધા હોત તો સારું એમ વિચારી માલાને અફસોસ થાય  છે.

“....પોતે પણ આસાનીથી બીજાં લગ્ન કરી લેત! ઉમેદવારો નહોતા એવું તો નહોતું જ. પણ દર વખતે તમન્નાનો પ્રશ્ન આવીને ઊભો રહેતો.” (પૃ. ૬૬)

મિતુલ સાથેના છૂટાછેડાથી ઊભી થયેલી પરિસ્થિતિના કારણે માલા ઈશ્વરને દોષી ગણી રોષ પ્રગટ કરે છે. જુઓ;

“ઈશ્વર નહોતો. ક્યારેય નહોતો. મિતુલ ચાલ્યો  ગયો ત્યારે તો નહીં જ, મળ્યો ત્યારે પણ નહીં...હોત તો તેનો આવો અણધાર્યો અશોભન અંત ન આવ્યો હોત...પણ એય કેમ કહેવાય? ઈશ્વરના કયાં કામમાં ભલીવાર હોય છે?” (પૃ. ૬૭)

આ રીતે માલા પોતે લીધેલા નિર્ણયના કારણે અફસોસ થાય છે.

ઉપરોક્ત વાર્તાઓમાં સ્ત્રી પોતાની બહેન ખાતર પોતાની જિંદગી દાવ પર લગાવતી જોવા મળે છે. પોતાના ચારિત્ર્યને જાળવી રાખતી સ્ત્રી પર સગી બહેન જ શંકા કરતાં તે માનસિકતા ગુમાવી બેસે છે. તો વ્યસનના લતે ચડી ગયેલી સ્ત્રીની હાલત કફોડી બનતાં અફસોસ તીવ્ર બને છે. પોતાના પતિની વિરુદ્ધ જઈ સ્ત્રી ખોટો નિર્ણય લીધાનો પછતાવો કરતી જોવા મળે છે. છૂટાછેડા લઈને બીજા લગ્ન ન કરતી સ્ત્રી દીકરીના ભવિષ્ય માટે સુખનો ત્યાગ કરે છે. એ જ દીકરી મા પર શંકા કરતાં તીવ્ર અફસોસ થાય છે. આ રીતે આ જૂથમાં સ્ત્રીએ લીધેલા નિર્ણયો ખોટા પડતાં અફસોસનો અનુભવ કરતી નજરે પડે છે.

## જૂથ-૪: ભય

અચાનક એવી ઘટના બને છે જેમાં વ્યક્તિને લાગે છે કે પોતાને જોખમ છે કે તેનાથી નુકસાન થશે એ વિચારી તે પરિસ્થિતિમાંથી પીછેહઠ કરી લે છે, જે ભયની લાગણી છે. ભય એ કાલ્પનિક કે વાસ્તવિક ઘટનાઓથી અથવા ધમકી દ્વારા પ્રેરિત કરવામાં આવે છે, જે વર્તનનું કારણ બને છે. ભયની લાગણી આપણને ઘટનાથી દૂર જવા માટે મદદ કરે છે જેના માટે હજી આપણે તૈયાર નથી. ભયની લાગણી દરમિયાન વ્યક્તિ ગભરાઈ જવું, અસ્વસ્થ થવું, પરસેવો થવો, ધબકારા વધી જવા વગેરે લક્ષણો જોવા મળે છે.

સ્ત્રી પોતાનાં સંતાનોના કારણે કાલ્પનિક ભયનો અનુભવ કરતી જોવા મળે છે. પોતાના સંતાનો છોડી દેશે એવા વિચાર માત્રથી અસલામતીનો અનુભવ કરે છે. જેના કારણે સ્ત્રી કાલ્પનિક ભયનો અનુભવ કરે છે. આ રીતે ભયની ભાવના પાછળ પોતાનાં કુટુંબીજનો, સંતાનો વગેરે જવાબદાર બને છે.

'મયંકની મા' ('એક લહર', ૧૯૫૭)

સુરેખાને લગ્નના ઘણાં વર્ષો થયાં હતાં. તેને સંતાનસુખ પ્રાપ્ત થતું નથી. સંતાનપ્રાપ્તિની ઝંખના પૂર્ણ ન થવાથી સુરેખા નિરાશ બને છે. તેને આશા છે કે પોતાના ઘરે પુત્રનો જન્મ થશે. મયંકનો જન્મ થાય છે. પુત્રના જન્મથી તેની નિરાશાના સંઘર્ષનું શમન થાય છે. સુરેખા મયંકને પોતાનાથી  દૂર કરવા માગતી નથી. તેને બાલમંદિરમાં મૂકે છે. તે વિચારે છે કે મયંક પોતાના વગર નહીં જ રહી શકે. એ ધારણા ખોટી પડતાં સુરેખાનો અપેક્ષાભંગ થાય છે. મયંકને બાલમંદિરમાં ખુશ જોઈને તેને હૃદયમાં કંઈક ખટકે છે.

"પ્રત્યેક વર્ષ જાણે કે સુરેખાને હડસેલો મારી મારીને ખૂણામાં ધકેલતું જાય છે અને મયંકની આકૃતિ વધુ ને વધુ સ્પષ્ટ, સુરેખ, મોટી થતી થતી કેન્દ્રમાં આવતી જાય છે. વર્ષો પર વર્ષો જાય છે, સ્કૂલમાં, કૉલેજમાં, લગ્નમંડપમાં, ધંધામાં મયંક ખોવાઈ જાય છે. ના, ના, મયંક તો છે જ. એ રહ્યો. એની સાથે એક યુવતી છે. કોણ હશે એ ભાગ્યવતી? પછી તો મયંક અને એ સૌભાગ્યવતી પોતાનો આગવો ગૃહસંસાર રચશે. એમાં પોતે ક્યાં હશે?" (પૃ. ૯૦)

મયંક મોટો થઈને લગ્ન કરશે, એમાં પોતાનું સ્થાન ક્યાં હશે? ભવિષ્યની ચિંતા કરી સુરેખા કાલ્પનિક ભય અનુભવે છે.

'કુંજગલીનો સાદ' ('ટાઢ', ૧૯૮૭)

સલોનીને આશાબહેન (સાસુ) પસંદ ન હતાં. તે સુમંત અને સંતાનોને આશાબહેનથી દૂર રાખે છે. પોતાના કારણે સલોની ઘર છોડી છૂટાછેડા માગશે એ વિચારી આશાબહેન કાલ્પનિક ભય અનુભવે છે.

"જવાનું એટલે જવાનું. દુ:ખેસુખે દહાડા કાઢી નાખવાના, આ ઘર ખાલી કરી નાખવાનું. સલોનીના જીવને સુખ થશે, શાંતિથી રહેશે. આજકાલની વહુનો શો ભરોસો? ક્યાંક વીફરે ને છૂટાછેડા લેવા ઊભી થઈ જાય તો આખો માળો જ વીંખાઈ જાય ને!" (પૃ.૯૦)

સલોની ઇચ્છે છે કે આશાબહેન પણ પતિ સાથે વૃંદાવન સાથે ચાલ્યાં જાય. સલોનીનું વર્તન વધુ રુક્ષ થવાથી આશાબહેન પણ વૃંદાવન જવાનું નક્કી કરે છે. સુમંત અને પૌત્રને છોડીને જવાના વિચારથી આશાબહેન અસહ્ય પીડા અનુભવે છે.

"પણ સ્ત્રીનો જીવ! આશાબહેન એકલાં પત્ની જ નહોતાં...મા, દાદીમા, સાસુ, પડોશણ...કંઈ કેટલુંયે! એ બધી ભૂમિકાઓ એમને માટે એટલા જ મહત્વની હતી. એક એક છોડતાં ચામડી ઉતરડાઈ જતી હોય એટલું દુ:ખ થતું હતું. (પૃ. ૮૯)

આશાબહેનના ઘર છોડીને જવાના નિર્ણયથી સુમંત પીડા અનુભવે છે. ;

"આ જ ઘરમાં બા એક વખત નવવધૂના વેશે આવી હતી. આ જ ઘરમાં એણે સુમંતને જન્મ આપ્યો હતો, મોટો કર્યો હતો, લાડ લડાવ્યાં હતાં..આ રસોડામાં ગરમાગરમ રસોઈ કરીને રોજ બે વાર જમાડ્યો હતો અને આજે એ જ બા આ બધું છોડીને વૃંદાવન જતી હતી."

સુમંત અને પૌત્રને છોડીને જતાં આશાબહેન અસહ્ય પીડા અનુભવે છે.

'પ્રાર્થના' ('ટાઢ', ૧૯૮૭)

નાયિકાની દીકરી શુભા યુવાન થતાં મિત્રો સાથે ફરે છે. તે રોજ રાત્રે મોડી ઘરે પરત ફરે છે. શુભા સાથે કંઈક અહિત ન બની જાય એ વિચારથી નાયિકા કાલ્પનિક ભય અનુભવે છે. જુઓ;

"એકાકીપણાનો મને ડર લાગે છે. ને સૌથી વધારે તો મને એ ડર લાગે છે કે જો એક વખત એવું બની જાય તો પછી...મારી શુભાને ક્યારેક ઠેસ લાગે તો હું ખમા! કહેવા પણ હાજર ન હોઉં. એ ન જીરવાય." (પૃ. ૫૩)

નાયિકા પોતાની દીકરીને રોકી શકતી પણ નથી. કારણ કે પોતાનાથી દૂર થઈ જવાનો ડર અનુભવે છે.

"આ નિર્જનતામાં જો પડઘો ઊઠે તો સહેવાય નહી. તે જ ક્ષણે વેરાઈ જાઉં, વીંખરાઈ જાઉં. આ તો દોડું છું, કદાચ ક્યાંક શુભા મળે. લાગે છે, શુભા પણ ક્યાંક દોડી રહી છે, પણ મારી શોધમાં નહી; મારી શોધમાં હરગીજ નહીં." (પૃ. ૫૨)

આ રીતે નાયિકા શુભાના ભવિષ્યને  લઈને કાલ્પનિક ભયનો અનુભવ કરે છે.

'નટવાનો દોર' ('એક લહર', ૧૯૫૭)

નાયિકા નિશીથને મનોમન દિલથી ચાહે છે. નિશીથ તેને ફક્ત મિત્ર માને છે. આ સાંભળી નાયિકા નિરાશ થાય છે.

"પણ મારી જાતને છેતરવાનો કશો જ ફાયદો નહોતો. મારી આંખમાંથી જે ગરમગરમ આંસુ વહેતાં હતાં તે થાકનાં નહોતાં, ડરનાં નહોતાં, નિષ્ફળ રોષનાં હતાં. મનને મનાવવાનો કાંઈ અર્થ જ નહોતો, હું સંપૂર્ણપણે નિશીથના પ્રેમમાં પડી ચૂકી હતી. હવે બચવાનો આરો હતો જ નહીં. (પૃ. ૧૩૪)

નિશીથ પ્રેમમાં પડવાની ઝંઝટથી દૂર રહે છે. પોતાના દિલની વાત જાણ થતાં નિશીથ જેવો મિત્ર ખોઈ બેસશે એ વિચારી નાયિકા કાલ્પનિક ભય અનુભવે છે.

"હંમેશ સજાગ રહીને જોયા જ કરવું જોઈશે કે એના મિત્રમાં રહેલી સ્ત્રી ક્યાંક એની નજરે ન ચડી જાય." (પૃ. ૧૩૭)

'વિસર્જન' ('જાવલ', ૨૦૦૧)

ભાગીરથીનો પતિ સદાશિવ ઘરમાં ગણપતિ દાદાની સ્થાપના કરે છે. અગિયાર દિવસ થયા હોવા છતાં વિસર્જન કરતા નથી. ઘરમાં અનાજ પણ ખૂટી ગયું છે.

ભાગીરથી વિસર્જન કરવાનું કહેતાં સદાશિવ માથામાં લોટો મારે છે. આ ઘટનાથી ભાગીરથી ડર અનુભવે છે.

"ભાગીરથી આસ્તેથી બેઠી થઈ અને પાલવનો છેડો માથે દાબીને જોઈ લીધું કે લોહી નથી નીકળ્યું." (પૃ. ૨૧૫)

સદાશિવની માનસિકતા જોઈ પુત્ર ડૉક્ટરને બોલાવે છે. ડૉક્ટર ઘેનનું ઈન્જેક્શન આપે છે. સદાશિવનો દીકરો વિજય અને વહુ ગણપતિ દાદાનું વિસર્જન કરી આવે છે. સદાશિવ ભાનમાં આવતાં જ ગણપતિ દાદાને શોધશે એવો વિચાર કરી ભાગીરથીના ડરમાં વધારો થાય અનુભવે છે.

"સદાશિવે ઝનૂનથી મારેલો ફટકો યાદ આવતાં થોડી બીક લાગતી હતી. થતું હતું દીકરો વહુ આવી જાય પછી જ એ જાગે તો સારું. અત્યારે તો પોતે ઘરમાં એકલી જ છે. સાથે બે નાનાં છોકરાં. સદાશિવ તોફાને ચડે તો પોતે કશું ન કરી શકે."(પૃ. ૨૧૯)

ઉપરોક્ત વાર્તાઓને જોતાં 'મયંકની મા' વાર્તામાં મા પોતાના સંતાનના લગ્ન થઈ જશે એ વિચારી કાલ્પનિક ભય અનુભવે છે. એવી જ રીતે 'કુંજગલીનો સાદ' અને 'પ્રાર્થના' વાર્તામાં મા પોતાનાં સંતાનોના લીધે ભય અનુભવે છે. સ્ત્રી પોતાના પ્રેમનો એકરાર કરવાથી પ્રેમીને ખોઈ બેસશે એ ડરથી કાલ્પનિક ભયનો અનુભવ કરે છે. તો કોઈ સ્ત્રી પોતાના પતિ મારના કારણે ભય અનુભવતી જોવા મળે છે. આ રીતે સ્ત્રીની ભયની ભાવના પાછળ સંતાનો અને પતિ જવાબદાર પરિબળો બને છે.

### જૂથ-૫: ઈર્ષ્યા

ઈર્ષ્યા એટલે બીજાનું સુખ સહન ન કરી શકવાની સ્થિતિ. જીવ-પ્રાણીમાત્રમાં અનેક પ્રકારની લાગણીઓ જોવા મળે છે. જેમાં ઈર્ષ્યા એ દરેકમાં સર્વસામાન્ય છે. આપણી ઇચ્છા પૂરી ના થાય પણ સામેવાળા વ્યક્તિ ઇચ્છા કે લક્ષ્ય પ્રાપ્ત કરી લે ત્યારે ઈર્ષ્યા પેદા થઈ શકે છે. ઈર્ષ્યામાં વ્યક્તિ પોતે અસલામતી કે ભય અનુભવે. આપણા કરતાં બીજી વ્યક્તિ આગળ વધે, વધારે સુંદર દેખાવ ધરાવે કાં તો કોઈ સિદ્ધિ હાંસલ કરી લે ત્યારે ઈર્ષ્યા પેદા થઈ શકે છે. અસલામતી ઈર્ષ્યા તરફ દોરી જાય છે. વ્યક્તિને પોતાની જાત પર આત્મ-શંકા કે આત્મવિશ્વાસનો અભાવ હોય તો વ્યક્તિ ઝડપથી ઈર્ષ્યાનો શિકાર બને છે. પોતાના કરતાં બીજી વ્યક્તિ વધારે આકર્ષક દેખાવાનો ડર કાં તો તેની સાથે સ્પર્ધા થવાથી ઈર્ષ્યાનો ભાવ પેદા થાય છે. આ લાગણી દરમિયાન વ્યક્તિ અતિશય નિયંત્રણ રાખે છે, ધાકધમકી પણ આપે છે. વસ્તુઓનો નાશ કરે છે અથવા હિંસક બને છે.

આ જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ થયો છે. આ ઈર્ષ્યા દેરાણી-જેઠાણી વચ્ચેના સંબંધોમાં અસલામતીનો અનુભવ થવાથી પેદા થઈ છે. મા-દીકરી, બહેન-બહેન વચ્ચે આકર્ષક દેખાવના કારણે ઈર્ષ્યાનો ભાવ જાગે છે. સ્ત્રી અન્ય સ્ત્રીના કારણે અસલામતી અનુભવે છે.

'મનામણાં' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સૂરજબા મણિના આણા માટે કપડાં ખરીદવા વેપારીને ઘરમાં બોલાવે છે. રામભાઈ (પતિ) વેપારીને ચાલ્યા જવાનું કહે છે. પતિના આ વર્તનનું કારણ સૂરજબા જેઠાણી રૂપબાને ગણાવે છે. રામભાઈને રૂપબા માટે ખૂબ જ માન હતું. સૂરજબા ઘરમાં પોતાનો અમલ ચલાવવા માગતાં હતાં. એ મુજબ ન થતાં અલગ રહેવાનું નક્કી થાય

છે. રામભાઈ, મણિ તેમજ સમાજનાં લોકો પણ રૂપબાને જ માન આપતાં. કોઈપણ કામમાં રૂપબાની જ સલાહ લેવાતાં સૂરજબાને રૂપબા પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ જન્મે છે.

"બળ્યો મારો અવતાર. પેટની જણી છોડી તે ય મારી નઈં અને સાત જન્મારાં દુશ્મન હાથમાં માળા લઈને બેઠાં છે. એમના પેટનું પાણી ય નથી હાલતું."(પૃ. ૨૬)

આ રીતે નાયિકા પોતાના અસ્તિત્વ કારણે અસલામતી અનુભવતાં ઈર્ષ્યાનો ભાવ પેદા થાય છે.

'મનસ્વિની' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સુવર્ણા હલકા રંગના કપડાં પહેરતી. બધી છોકરીઓ તેની પ્રસંશાં કરતી. એ જ કપડું આશાને શોભતું નથી. આશાને સુવર્ણા પ્રત્યે ઈર્ષ્યા થાય છે. આશા વિચારે છે કે,

"એનું એ લૂગડું પોતે પહેરતી ત્યારે કોઈ કાંઈ પૂછતું નહીં...આશાને અંગે અડતાં શું એનો રંગ ઝાંખો પડી જતો હતો?" (પૃ. ૪૩)

આશાનું સગપણ થતું નથી. આશા પોતાનું લગ્ન ન ગોઠવાતાં અસહ્ય પીડા અનુભવે છે.

"આશા બોલી નહીં. તેણે માથું ઊંચું સુદ્ધાં કર્યું નહીં. નિ:શબ્દ રાત્રિના અંધકારમાં તેણે માત્ર રડ્યાં જ કર્યું." (પૃ. ૪૬)

આશા રડે છે. સુવર્ણા આશાને ચૂપ કરાવે છે. આશા ક્રોધે ભરાય છે. તે સુવર્ણાને ધક્કો મારે છે. સુવર્ણાને અસહ્ય પીડા થાય છે.

"એ આઘાતે સુવર્ણાને તે રાતે ને તે પછીની રાતોએ જંપવા ન દીધી. એ રાતનું દૃશ્ય વળી પાછું તેની આંખો આગળ સજીવ થઈ ઊઠ્યું. આશાનું રુદન, એ ધક્કો....." (પૃ. ૪૭)

"સુવર્ણાના હૃદયમાં કાંટો ભોકાયો. આ પહેલો પ્રસંગ હતો કે જ્યારે બે બહેનોનાં સુખદુ:ખ સહિયારી મિલકત મટી ગયાં હતાં." (પૃ. ૪૬)

સુવર્ણા બહેનના વર્તનના કારણે પીડા અનુભવે છે. જેના કારણે તેનું મન વિચલિત થઈ જાય છે.

'લગ્નની ભેટ' ('એક લહર', ૧૯૫૭)

નાયિકા અને નાયકના લગ્ન વખતે નિરંજના ભેટ આપે છે. નાયક તે પેટીની પ્રશંસા કરે છે. જેથી નાયિકા અસલામતી અનુભવે છે. પતિના સ્ત્રીમિત્રની ભેટને કારણે નાયિકાને ઈર્ષ્યા થાય છે.

"નિરંજનાને આભારનો પત્ર લખાઈ ગયાને મહિનો થઈ ગયો છતાંય પેટી પ્રત્યેનું એમનું આકર્ષણ ન ઘટ્યું ત્યારે મારાથી ન રહેવાયું." (પૃ. ૧૪૭)

નિરંજનાની પેટીને બહાર કાઢવાના પ્રયત્નો વ્યર્થ જતાં નાયિકાને પેટી પ્રત્યે અણગમો થાય છે.

"રાત દહાડો પેલી બુઢ્ઢી ઠચરીનું ભયંકર મ્હોં જોઈ જોઈને મારું મન એવું તો ખાટું થઈ જતું! ...હું એને જોતી અને મારા હૈયામાં ધિક્કાર છૂટતો." (પૃ. ૧૪૮)

નાયિકા પેટીને ઘરમાંથી બહાર કાઢવાની યુક્તિ શોધી નાખે છે. તે બહેનપણી સુનયનાને લગ્ન વખતે પેટી ભેટમાં આપી દે છે. નાયક તે પેટીને શોધે છે. પતિ પોતાને

વહેમી અને શંકાશીલ સ્વભાવની માની બેસશે એ વિચારી નાયિકા કાલ્પનિક ભય અનુભવે છે.

'કેટલીયે વાર મનમાં થતું, એમને પગે પડીને કહી દઉં કે મહેરબાની કરીને આ પેટી અહીંથી લઈ લો. મારાથી એની સામે જોવાતું નથી. પણ એવું કરું તો એમને વહેમી, નબળા મનની ને અદેખી ગણીને હસી જ કાઢે ને! કોને ખબર છે, એમ કરવા જતાં હું એમના મનથી તદ્દન ઊતરી જાઉં તો?' (પૃ. ૧૪૯)

થોડા દિવસ બાદ સુનયના તે પેટીને પાછી આપી જાય છે. નાયિકાના તમામ પ્રયત્નો નિષ્ફળ જવાથી નિરાશ થાય છે.

'હરીફ' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સુહાસ પિસ્તાળીસ વયની છે. તે ક્લબમાં જવા માટે તૈયાર થાય છે. સુહાસ પોતાને અરીસામાં જુએ છે. પોતાના આકર્ષક દેખાવને જોઈ પ્રસન્ન થઈ જાય છે. તે પોતાના ઓરડામાંથી બહાર નીકળે છે. ત્યાં નીલા સાડી પહેરીને ઊભી હતી. કોઈપણ જાતના મેક-અપ વગર સુંદર લાગતી હતી. નીલાના આકર્ષક દેખાવના કારણે સુહાસના મનમાં ઈર્ષ્યાનો ભાવ જન્મે છે. જુઓ;

"વર્ષો પહેલાં જેમ પોતાની આસપાસ મિત્રો પ્રશંસકો ને પ્રેમીઓનું ટોળું ભમ્યા કરતું હતું તેવું જ હવે નીલા પાછળ ભમવાનું. નૃત્યખંડમાં હવે કોણ સમ્રાજ્ઞીપદ શોભાવશે તેની કશી જ શંકા રહે એમ નહોતું." (પૃ. ૯૩)

નીલા સુહાસને ક્લબમાં સાથે આવવા માટે જણાવે છે. એ સાંભળી સુહાસ ક્રોધે ભરાય છે. જુઓ;

"ત્યાં તે કંઈ અવાતું હશે, બહેન? ત્યાં તો મોટાં માણસોથી જ જવાય."

નીલા પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે,

"આપણે જોઈએ આજે, લોકો મને મોટી ગણે છે કે નાની તે તરત જ ખબર પડશે." (પૃ. ૯૨)

નીલાના આ શબ્દો સાંભળી સુહાસ ધ્રૂજી ઉઠી. નીલાનું ક્લબમાં સાથે આવવાથી પોતાનું મૂલ્ય ઓછું થઈ જશે એમ વિચારી સુહાસ કાલ્પનિક ભય અનુભવે છે. જુઓ;

"લોકો શું કહેશે? ક્લબના જૂના સભ્યો તો કદાચ વર્ષોની દોસ્તી જાળવી રાખે પણ પેલા યુવાનોનું જૂથ? એમને તો નિ:શક નીલા જ પસંદ પડવાની......"(પૃ. ૯૨)

આ રીતે ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે સ્ત્રીને પોતાનું અસ્તિત્વ ન લાગતાં ઈર્ષ્યાનો ભાવ પેદા થાય છે. તે તીવ્ર બનતાં અલગ રહેવાનો નિર્ણય કરે છે. 'મનસ્વિની' વાર્તાઓમાં નાની બહેનના આકર્ષક દેખાવને કારણે મોટી બહેનનું લગ્ન ગોઠવાતું નથી. જેના કારણે મોટી બહેનને ઈર્ષ્યા થાય છે. પોતાની દીકરીના આકર્ષક દેખાવને કારણે મા પોતાના મિત્રો ગુમાવી દેવાની અસલામતી અનુભવે છે. આ ઈર્ષ્યા પાછળ અસલામતી, આકર્ષક દેખાવ, અસ્તિત્વ વગેરે પરિબળો જવાબદાર છે.

## જૂથ-૬: ઘૃણા

ઘૃણા એ એવી લાગણી કે વલણ છે જે કોઈને કાયમ તેમનાથી દૂર રહેવાની પ્રેરણા આપે છે. આ લાગણીમાં વ્યક્તિને કંઈક વસ્તુ કે વ્યક્તિ માટે ઘૃણા પેદા થાય છે, જેનાથી તે દૂર રહેવા માગે છે. તેના પ્રત્યે સૂગ થઈ જાય છે. વધુ તીવ્ર ઘૃણા વ્યક્તિને તેનું મોં ખુલ્લું કરવું, હોઠને પટાવવા, થૂંકવું તેમજ કરચલીવાળું નાક અને સંકુચિત

ચહેરો પ્રદર્શિત કરી શકે છે. વ્યક્તિના ચહેરાના હાવભાવમાં બદલાવ આવે છે. જેમ કે, ઉપલા હોઠ વળાંકવાળા થાય છે, આંખો આંશિક રીતે બંધ થઈ જાય છે.

પુરુષ વર્ગની હેરાનગતિના કારણે સ્ત્રી સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. અંતે સ્ત્રીને પુરુષ પ્રત્યે ઘૃણા થાય છે. બહેન બે ભાઈઓના વર્તનના કારણે તેમજ પ્રેમીના પિતાનું અસભ્ય વર્તન જોઈ ઘૃણા અનુભવે છે. ઈર્ષ્યાના આ જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ થાય છે.

'શિવનારાયણ' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

શિવનારાયણ નિલીમા સાથે કૉલેજમાં ભણતો હતો. તે નિલીમાને એક તરફી પ્રેમ કરવા લાગે છે. શિવનારાયણ નિલીમાનો ઇન્કાર હોવા છતાં તેને ચાહવાનું છોડતો નથી. તે આચાર્યને ફરિયાદ કરવાની તેમજ કૉલેજ છોડી દેવાની ધમકી આપે છે. શિવનારાયણ ઉપર ધમકીની કોઈ અસર થતી નથી. નિલીમા ક્રોધે ભરાય છે. તે શિવનારાયણને કહે છે કે,

"તમારી મુસીબતમાં મને જરાયે રસ નથી, શિવનારાયણ, હું પરીક્ષા માટે વાંચું છું." (પૃ.૫૩)

નિલીમાના ઘણા પ્રયત્નો કરવા છતાં શિવનારાયણના વર્તનમાં બદલાવ આવતો નથી. શિવનારાયણના વિચાર માત્રથી પણ નિલીમાને ત્રાસ થવા લાગતો હતો. શિવનારાયણનું વર્તન અસહ્ય લાગવાથી નિલીમા ઘૃણા અનુભવે છે.

"તમે મારે વિશે આવા બધા વિચારો છોડી દો. મને એ નથી ગમતું. મને.... મને એથી ત્રાસ થાય છે" (પૃ. ૫૮)

"તે દિવસથી વળી પાછો રંગ બદલાયો. મારા મનની દશા પણ પલટાઈ. તેની સામેનો અણગમો ધીમે ધીમે ધિક્કારનું રૂપ લેતો ગયો. છતાં તેના વિચારો વધારે પ્રબળ બનતા ગયા. તે ખાસ કરીને મારી નજરે પડતો નહીં છતાં જ્યારે એ પાસે હોય ત્યારે એની અદીઠ હાજરી હું વગર ભૂલે અનુભવી શકતી." (પૃ. ૫૬)

લગ્ન બાદ નીલિમાના પતિ પાસે શિવનારાયણ સરનામું મેળવતાં નીલિમાની ધૃણા કાલ્પનિક ભયમાં પરિણમે છે.

"એમણે શયનખંડની બત્તી બંધ કરી તે સાથે જ મને વિચાર આવ્યો! તો તો એમણે જરૂર સરનામું આપ્યું હશે. એક વિચિત્ર પ્રકારના ભયથી બેબાકળી બનીને હું એમને વળગી પડી." (પૃ. ૫૯)

આ રીતે નિલીમા શિવનારાયણના વર્તનના કારણે ભય અને અણગમાની ભાવનામાંથી પસાર થતી જોવા મળે છે.

'લાલબત્તી' ('ટાઢ', ૧૯૮૭)

સુષમાના બે ભાઈઓ શ્રીકાંત અને અનિલ આળસુ છે. બંને ભાઈઓની મરજી મુજબ તેને કામ કરવું પડતું. તેઓનું કામ સમયસર ન થાય તો બંને ભાઈઓ સુષમા પર ગુસ્સે થાય છે. શ્રીકાંત સુષમાને જમવાના સમયે દૂધ લાવી આપવાનું જણાવે છે. એક તરફ અનીલને સમયસર જમવાનું જોઈએ, તો બીજી તરફ શ્રીકાંત માટે દૂધ લઈ આવવાનું હતું. બંને કામ પૂર્ણ નહીં કરે તો ભાઈઓ ગુસ્સે થશે. આ બંને પાસાંનો વિચાર કરી સુષમા ભય અનુભવે છે.

"જમવાનું મોડું થવા બદલ અનિલ ખિજાય નહીં તો સારું. બંને ભાઈઓ એકબીજા સાથે બોલતા જ નહીં એટલે જે કંઈ ચકમક ઝરશે, તે તો એ ઘેર પાછી જશે પછી જ." (પૃ. ૯૬)

સુષમા ઘરની પરિસ્થિતિઓથી કંટાળી જાય છે. તેને બંને ભાઈ પ્રત્યે ઘૃણાનો ભાવ પેદા થાય છે. જુઓ;

"ઘરે શું થશે? અનિલ અને શ્રીકાંત એમની નિરંતર માગણીઓ, એમની ધૂન. એમનો નર્યો સ્વાર્થ.. અને રવિવારની દાળઢોકળી!"(પૃ. ૯૮)

આ રીતે સુષમા ભાઈઓના વર્તનના કારણે કંટાળી જાય છે. જેના પ્રત્યે તેને ઘૃણા જાગે છે.

'એક મુસાફરી' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સ્વાતિ અને શોભન એકબીજાને ચાહે છે. બંને લગ્ન કરવા માગે છે. તે શોભનના માતાપિતાને મળાવવા માટે રેલ્વેમાં મુસાફરી કરે છે. રેલ્વેયાત્રા દરમિયાન સ્વાતિનો સાંકળચંદ સાથે ઝઘડો થાય છે. સાંકળચંદનું પિતા પ્રત્યેનું વર્તન જોઈ સ્વાતિ ક્રોધે ભરાય છે. જુઓ;

"ગુસ્સાથી લાલપીળી થઈને તે પેલા માણસ સામે તાકી રહી. કેવો ગંદો હતો એ!" (પૃ. ૬૧)

સાંકળચંદનો સામાન લઈને આવેલા મજૂરને પૈસા આપતો નથી. તેનું અપમાન કરે છે. સાંકળચંદનુ મજૂરવર્ગ પ્રત્યેનું અશોભન વર્તન જોઈને અણગમો થવા લાગે છે. જુઓ;

“સાંકળચંદની નજરથીયે અભડાતી હોય એમ કપડાં સંકોરીને બેઠી....આ કજિયાખોર માણસને કશું કહેવાની ઇચ્છા તેને થઈ નહીં.” (પૃ. ૬૪)

સ્વાતિ ઊતરવાનું સ્ટેશન આવતાં ઊભી થાય છે. સ્વાતિ ઊતરતાં પહેલાં જાણે છે કે સાંકળચંદ શોભનના પિતા છે. સ્વાતિને ધ્રાસકો લાગે છે. સ્વાતિ અસહ્ય પીડા અનુભવે છે. જુઓ;

“...એક ધ્રાસકા સાથે તેને સમજાઈ ગયું કે મુસાફરીના પ્રયોજનોનો પણ મુસાફરીની સાથે જ અંત આવી ચૂક્યો હતો.” (પૃ. ૬૫)

સ્વાતિની શોભન સાથેના લગ્નની તીવ્ર ઇચ્છા પૂર્ણ થતી નથી. એ ઇચ્છાને શોભનના પિતા નિષ્ફળ બનાવે છે.

ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે ‘શિવનારાયણ’ વાર્તામાં નાયિકાને પુરુષના દુર્વ્યવહારથી ધૃણા થાય છે. ‘લાલબત્તી’ની નાયિકા ભાઈઓના કારણે પોતાની ઇચ્છાઓને દબાવતી જોવા મળે છે. ભાઈઓનો ત્રાસ વધી જવાથી નાયિકાને ધૃણાનો ભાવ થાય છે. પોતાના પ્રેમીના પિતાના ખરાબ વર્તનને કારણે ધૃણા પેદા થતાં ‘એક મુસાફરી’ની નાયિકા લગ્ન કરતી નથી. આ રીતે સ્ત્રીની ધૃણાની ભાવના પાછળ પુરુષની ખરાબ નિયત અને તેનો દુર્વ્યવહાર જવાબદાર પરિબળ બને છે.

## જૂથ-૭: ક્રોધ

જ્યારે વ્યક્તિને કોઈ માટે ચીડ હોય, એની સાથે અહંકાર ભળે ત્યારે ક્રોધ આવે. જ્યારે આપણને અમુક હદથી આગળ દેખાવાનું બંધ થાય ત્યારે ક્રોધ જન્મે છે. આપણી વિરુદ્ધ કોઈ કાર્ય કરે અથવા તો આપણે ઇચ્છીએ એવું ના બને ત્યારે ક્રોધની ભાવના

જન્મે છે. કોઈ ધાકધમકી, ખોટા આક્ષેપો કે અન્યાય કરે ત્યારે વ્યક્તિ તેને રોકવા માટે સભાન વર્તન કરે છે તે ક્રોધની ભાવના છે. જ્યારે વ્યક્તિ તેનો વિરોધ કરીને જે વર્તન કરે છે. એ ક્રિયા પછી ક્રોધનું શમન થાય છે. ક્રોધ આનંદને નષ્ટ કરે છે અને વ્યક્તિની શક્તિઓને નષ્ટ કરે છે. ક્રોધની ભાવના દરમિયાન વ્યક્તિના હાવભાવમાં પરિવર્તન આવે છે. જેમ કે, હૃદયના ધબકારા વધી જવા, પરસેવો થાય છે, તેના સ્નાયુઓને તંગ કરે છે, ઝડપી શ્વાસ લે છે અને શરીરની ઊર્જા વધે છે.

વાર્તાકારની વાર્તાઓમાં ૨ વાર્તાઓમાં ક્રોધની ભાવના મુખ્યત્વે જોવા મળે છે. સ્ત્રી જ્યારે પોતાની મર્યાદાને છોડે છે ત્યારે ક્રોધે ભરાય છે. પતિવ્રતા સ્ત્રી પોતાની ઇચ્છાઓ મુજબ કંઈ કરી શકતી નથી. પરંતુ જ્યારે પોતાના સંતાન પર આંચ આવે ત્યારે સ્ત્રી ક્રોધે ભરાય છે.

'પ્રયાગ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

મંગળા અને ધનવંતરાયનો દીકરો વિનોદ બીજી ન્યાતની રંભા સાથે પરણે છે. ધનવંતરાય વિનોદને ઘરમાંથી કાઢી મૂકે છે. જેથી મંગળા પીડા અનુભવે છે.

"વિનોદ હંમેશને માટે ઘરનાં અન્નપાણી હરામ કરીને ચાલી નીકળ્યો ને ક્રોધની મૂર્તિ જેવા પિતાએ પુત્રના નામનું નાહી નાખ્યું – પણ મંગળાબહેનનું મન કેમ માને?" (પૃ. ૧૬૧)

સમય જતાં વિનોદ ગંભીર બીમારીના કારણે મૃત્યુ પામે છે. પુત્રના મૃત્યુથી મંગળાની પીડાના સંઘર્ષમાં વધારો થાય છે.

"જેનું વર્ણન કરવા જતાં વાણી શરમાઈને પાછી પડી જાય તેવો દુ:ખનો વાવંટોળ માના હૃદયમાં જાગ્યો હતો.....હૃદયવિદારક રોકકળને બદલે જીવનને હણી નાખતો મૂંગો શોક ત્યાં વ્યાપ્યો હતો." (પૃ.૧૬૫)

વિનોદનું મૃત્યુ થયું હોવા છતાં ધનવંતરાય પર કોઈ અસર થતી નથી. ધનવંતરાય ઘરે પરત ફરવાનો સંદેશો આપે છે. આ સાંભળી મંગળા ક્રોધે ભરાય છે. તે બોલે છે,

"કયું ઘર? જે ઘરે દીકરાને ન સંઘર્યો તે ઘરનું મારે કામ નથી." (પૃ. ૧૬૬)

'હું ચાહું છું' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

રત્ના અને શિરીષ એકબીજાને પ્રેમ કરતાં હતાં. બંને લગ્નગ્રંથિથી જોડાય છે. રત્નાને ગળામાં ગાંઠ થાય છે. તે વધ્યા જ કરે છે. રત્નાના કહેવા છતાં શિરીષ ડૉક્ટર પાસે જવાની ના પાડે છે. શિરીષ રત્નાની ગાંઠને તેના મનનો વહેમ માને છે. ડૉક્ટરનું નામ સાંભળતાં જ તે ગુસ્સે થતો. જુઓ;

"તને શું થયું છે તે એ લોકો શું જાણવાના હતા? વગર મફતના અહીંથી ત્યાં ને ત્યાંથી ત્યાં સપડાવશે ને ચાર જણ જુદી વાત કરશે. આપણને ગભરાવી મૂકશે ને પૈસાનું પાણી કરાવશે તે નફામાં." (પૃ. ૧૧૩)

શિરીષના આ શબ્દો રત્નાના દિલમાં ખૂંચે છે. શિરીષ રત્નાની શારીરિક પીડાને અવગણે છે. રત્ના ક્રોધે ભરાય છે. તે વિચારે છે કે,

"જે દિવસે રત્ના લાલ ચૂંદડી ઓઢીને આ ઘરમાંથી ચાલી જશે ત્યારે શિરીષ ભલે એના પૈસા જાળવીને બેસી રહેતો." (પૃ. ૧૧૩)

રત્ના શિરીષ સાથે વાત કરવાનું બંધ કરે છે. રત્નાનું વર્તન જોઈ શિરીષ ડૉક્ટર પાસે લઈ જાય છે. ડૉક્ટર કૅન્સર હોવાનું જણાવે છે. આ સાંભળી રત્ના અસહ્ય પીડા અનુભવે છે.

"અવકાશમાં ભૂલી પડેલી આધારહીન, અવલંબનહીન રત્નાએ છેક છેલ્લી માનવઊર્મિથી એક છેલ્લી વિજયોન્માદભરી દૃષ્ટિ શિરીષના ચહેરા સામે નાખી." (પૃ. ૧૧૬)

આ રીતે ક્રોધની ભાવના ધરાવતી બે વાર્તાઓને જોતાં જણાય છે કે સ્ત્રી પતિના સ્વભાવના કારણે ક્રોધની સંવેદના જન્મે છે. 'પ્રયાગ' વાર્તામાં પતિના પુત્ર પ્રત્યેના ખરાબ વર્તનના કારણે મા ક્રોધે ભરાતી જોવા મળે છે. પુત્રના અવસાનથી માનો સંઘર્ષ તીવ્ર બનતાં પતિ પ્રત્યે અત્યંત ક્રોધે ભરાય છે. 'હું ચાહું છું' વાર્તામાં પત્નીના રોગને પતિ ધ્યાન ન આપતાં ક્રોધે ભરાય છે. આ રીતે ક્રોધની ભાવના પાછળ પતિનું ગેરજવાબદાર અને ખરાબ વર્તન છે.

## પ્રકરણ સમાપન :

ઉપરોક્ત પ્રમાણે તમામ જૂથની વાર્તાઓને તપાસતાં જોઈ શકાય છે કે નિરાશા અને પીડા સંવેદનાની વાર્તાઓ વધુ જોઈ શકાય છે. ત્યારબાદ અફસોસ, ભય, ઈર્ષ્યા, ધૃણા અને ક્રોધ ભાવનાઓની વાર્તાઓ છે. જેમાં ધિક્કાર અને ઇચ્છાની સંવેદનાને ઉજાગર કરતી વાર્તાઓ એકપણ જોવા મળતી નથી. સમગ્ર જૂથની વાર્તાઓને ચકાસતાં જાણ થાય છે કે લગ્નની ઇચ્છા પૂર્ણ ન કરી શકતી શંકુતલા, વેણુ, લીલા, ચૈતાલી, આશા, શાશ્વતી, અમોલા વગેરે સ્ત્રીઓનો સમાવેશ થાય છે. પ્રિય વ્યક્તિ સાથે લગ્ન ન થવાથી પતિ સાથે જીવન ગુજારતી સ્ત્રીઓમાં 'વિશ્રંભકથા', 'લક્ષ્મણરેખા', 'કલાકારની પત્ની', 'નર્મદા' વગેરે વાર્તાઓમાં સ્ત્રીઓ નિરાશા તથા પીડાનો અનુભવ કરતી જોવા મળે છે. સ્ત્રીપાત્રોની ઇચ્છા વિરુદ્ધનું કાર્ય થવાથી નિરાશા તીવ્ર બનતી જોવા મળે છે. લગ્નની તીવ્ર ઇચ્છા પૂર્ણ ન થવાથી નિરાશા અનુભતી સ્ત્રીપાત્રો 'દીકરીનું ધન', 'ધીમું

ઝેર' અને 'કંકુચોખા' વાર્તાઓમાં જોવા મળે છે. 'વિશ્રંભકથા' અને 'એક વખત' વાર્તાઓમાં સ્ત્રીપાત્રોના લગ્ન પસંદગીના યુવક સાથે ન થતાં નિરાશા અનુભવતી જોવા મળે છે. તેનાથી વિરુદ્ધ 'ઘરનું માણસ', લક્ષ્મણરેખા', 'પ્રેમી સાથે કોઈ કારણોસર લગ્ન ન કરી શકતી સ્ત્રીની વેદના પીડામાં પરિણમે છે. આ રીતે પીડાની ભાવના પાછળ સ્ત્રીના પતિની બેવફાઈ, પ્રેમી સાથે લગ્ન ન થવા, સંતાન-વિયોગ વગેરે પરિબળો જવાબદાર છે. પોતાના પ્રેમીના પિતાના ખરાબ વર્તનને કારણે ઘૃણા પેદા થતાં 'એક મુસાફરી' ની નાયિકા લગ્ન કરતી નથી. આ રીતે સ્ત્રીની ભાવના પાછળ પુરુષની ખરાબ નિયત અને તેનો દુર્વ્યવહાર, આકર્ષક દેખાવ, અસલામતી, સ્ત્રીનું ચડિયાતાપણું જેવા પરિબળો જવાબદાર બને છે.